# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧


### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| કુંડલિની જાગરણ પ્રભુ પ્રાપ્તિમાં કેટલું ઉપયોગી | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| શ્રી યોગેશ્વરજીના જન્મોત્સવ સાથે સ્વાતંત્ર્યદિનની ઉજવણી | ભરત ત્રિવેદી | ૧૨ |
| શ્રદ્ધાંજલિઓ–ત્રણ દિવંગત સાધકોને | નારાયણ હ. જાની | ૧૬ |
| સમય પાકી ગયો છે! | પરમાર્થી | ૨૦ |
| શક્તિ અને શંકરાચાર્ય | શ્રીયોગેશ્વરજી | ૨૧ |
| અધ્યાત્મનો અનસ્ત સૂર્ય | દિનેશ ટાંક | ૨૮ |
| No matter how high the Divine exists | Hemali Patel | 33 |
| પ્રેરક પ્રસંગો | પ્રો. ધર્મેન્દ્ર માસ્તર મધુરમ્ | ૩૮ |
| યોગાસનો (૩) | હરિદાસ મૂળજી નિર્મળ | ૪૫ |
| યોગી બ્રહ્મની મુલાકાત(૬) | અનુ. યોગેશ્વરજી, પોલ બ્રન્ટન | ૪૯ |
| સ્વામી કૃષ્ણપ્રેમના પત્રો | દિલિપકુમાર રોય | ૫૫ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી સહાય

**ઓક્ટોબર માસમાં જ જેમણે જન્મ લીધો. ૯૫ વરસનું દીર્ઘ જીવન આરોગ્ય સાથે જીવી શક્યા, પરમ ભાગ્યશાળી એ પિતાની સેવા સંતાનોએ ભક્તિભાવથી કરી. અરે, વારંવાર વિદેશ લાવી પિતાની સર્વ ઈચ્છા પૂર્ણ કરી.**

**એ પિતાજી શ્રી કાંતિલાલ શાહની પવિત્ર સ્મૃતિમાં આ અંક અર્પણ થઈ રહ્યો છે.**

**ધન્યવાદ હે પ્રભુપ્રેમી સાધક, સત્સંગી, સત્કર્મ પરાયણ, પિતૃભક્ત શ્રી ચંદ્રકાન્તભાઈ—અનસુયાબેન આપને ફરીફરી અભિનંદન. ગુરુદેવ પ્રભુ આપનું સર્વ પ્રકારે મંગલ કરો.**

**—મા સર્વેશ્વરી**



# કુંડલિની જાગરણ પ્રભુ પ્રાપ્તિમાં કેટલું ઉપયોગી

**—શ્રી યોગેશ્વરજી**

માનવ જીવનવિકાસની છેક જ સામાન્ય કક્ષામાં, સીડીના શરૂઆતના સોપાન પર ઊભો હોય, સુસંસ્કૃત અથવા સુવિચારશીલ ન હોય ત્યારે એની અવસ્થા કેવી હોય છે? એની ચિત્તવૃત્તિ વિશેષતયા સ્થૂલ શરીરમાં અને એના ઈન્દ્રિયજન્ય સુખોપભોગોમાં લાગેલી હોય છે. વિકાસની બીજી શ્રેણીમાં એ આગળ વધે છે ત્યારે શરીરના મધ્યવર્તી કેન્દ્રમાં, હૃદયમાં રસ લેતો થાય છે. ગીતાની ભાષામાં કહીએ તો **मध्ये तिष्ठन्ति राजसाः ।** એવા માનવના જીવનમાં હૃદય અને એના ભાવો મુખ્ય ભાગ ભજવે છે. વિકાસની એથીયે આગળની કક્ષામાં મસ્તકનું એટલે કે ચિંતનમનન અથવા બુદ્ધિનું મહત્ત્વ વધી જાય છે. એ વખતે માનવ શારીરિક આકર્ષણ, રસ કે મોહને નથી અનુભવતો, પોતાના હૃદયનો ગુલામ પણ નથી બનતો, પરંતુ આત્મવિચારમાં, બુદ્ધિના વિકાસમાં, મનના સુધાર તેમ જ સંયમમાં, જપ—ધ્યાન અને સત્સંગ—સ્વાધ્યાય તથા પાર્થનામાં પોતાની જાતને પરોવે છે. એના આનંદનું મુખ્ય કેન્દ્ર મનનો ઊર્ધ્વ પ્રદેશ હોય છે. **उर्ध्वं गच्छन्ति सत्वस्थाः ।**

પરંતુ જીવનનો વિકાસક્રમ એટલેથી જ પૂરો નથી થતો. છેવટે તો માનવે મન તેમ જ બુદ્ધિને અતિક્રમીને આત્માના અલૌકિક પવિત્ર પ્રદેશમાં પહોંચીને આત્મસાક્ષાત્કાર કરવાનો

છે. આત્મિક ચેતનાને જગાવીને એનું ઉત્તરોત્તર અભ્યુત્થાન કરીને એવી રીતે એ ચેતનાનો આત્મસાક્ષાત્કાર માટે ઉપયોગ કરવાનો છે. કુંડલિની જાગરણનું મુખ્ય રહસ્ય અથવા પ્રધાન પ્રયોજન એ જ છે. એને વીસરનારો અથવા એથી વંચિત રહેનારો સાધક પોતાનું સાચું શ્રેય નથી સાધી શકતો.

કુંડલિનીનું વર્ણન જે યોગગ્રંથોમાં કરવામાં આવ્યું છે તે યોગગ્રંથોમાં એને સૂક્ષ્માતિસૂક્ષ્મ શક્તિ તરીકે કહેવામાં આવી છે. એ સૂક્ષ્માતિસૂક્ષ્મ હોવાથી એને સ્થૂલ રીતે અવલોકવાનું અશક્ય જેવું છે. ધ્યાનની ઊંડી અવસ્થામાં ઉત્તમ કક્ષાના સાધકને એનો અનુભવ થઇ શકે ખરો. એવા સાધક વિશેષો ખૂબ જ વિરલ હોય છે.

કુંડલિની જાગરણ વિશે એક બીજી હકીકત પણ જાણવા જેવી છે. કોઇ કોઇ વિરલ અસાધારણ શક્તિસંપન્ન યોગીઓ પોતાના શુદ્ધ સત્ય સંકલ્પ, દૃષ્ટિપાત, વચન અથવા સંજીવની સમાન સુધાસભર સ્પર્શથી બીજાની કુંડલિનીની જાગૃતિ કરે છે એવું કહેવાય છે. એને લીધે એમને અવનવા ચિત્રવિચિત્ર અકલ્પ્ય અનુભવો પણ થતા હોય છે. કેટલાક સાધકો ભાવમાં ડૂબે છે ને બેહોશ પણ બની જાય છે. એ અનુભવો ગમે તેટલા વિસ્મયયકારક અને વિશિષ્ટ હોવા છતાં સાચા સાધકે એમના મોહને મૂકીને એમનાથી આગળ વધવાનું છે. એવા વિશિષ્ટ અનુભવો દ્વારા મનની શુદ્ધિ તથા ઉદાત્તતા ભાગ્યે જ સધાઇ શકે છે, અને જ્યાં સુધી એ ન સધાય ત્યાં સુધી સાધકનું જીવન જ્યોતિર્મય નથી બનતું. ગમે તેવી ભાવમય કે બેહોશ દશામાંથી પણ જાગ્રત થઇને આ પાર્થિવ પૃથ્વી પર એના વિવિધ વ્યવસાયો



વચ્ચે તો આવવાનું જ છે. એવે વખતે જો કેવળ એકાદ આંજી નાખનારા ચમત્કૃતિજનક અસાધારણ અનુભવનો જ આધાર રાખ્યો હશે અને પ્રથમથી જ પોતાની પ્રકૃતિને પલટાવીને પવિત્ર કરવાનું ધ્યાન નહીં રાખ્યું હોય તો અહંતા, મમતા, કામ—ક્રોધ અને આસક્તિ થવાનો અવકાશ રહેશે, વાસના અને લાલસા, ભય—શોક અને સ્વાર્થવૃત્તિના શિકાર થવાશે, અંદર અને બહાર આત્મનુભૂતિ નહીં થઇ શકે, ને પ્રશાંતિની પ્રાપ્તિદ્વારા પૂરેપૂરા કૃતાર્થ પણ નહીં થઇ શકાય. કેવળ ક્રિયાઓ પર નિર્ભય સાધકોના જીવનમાં એવી ત્રુટિ રહી શકે છે. એથી ઊલટું બાહ્ય ક્રિયાઓના ને ક્ષણજીવી પ્રતિક્રિયાઓના મોહને પરિત્યાગીને જીવનના શુદ્ધિકરણની અથવા વિચારો, ભાવો, વૃત્તિઓ તેમ જ વ્યવહારના ઊર્ધ્વીકરણની સમજપૂર્વકની શાંત સાધનામાં લાગેલા સાધકને સારું એવી ત્રુટિનો સંભવ નથી રહેતો. એ સુરક્ષિત રીતે આગળ વધ્યે જાય છે. બાહ્ય ક્રિયાઓના અનુષ્ઠાનની સાથે આત્મિક વિશુદ્ધિની અભિરુચિ હોય તો તો કહેવું જ શું? એવી સાધના સાચેસાચ અમૂલખ આશીર્વાદરૂપ ઠરે.

આત્મવિકાસની અસાધારણ અભિરુચિવાળા સાધકોના સંતોષ અને સુખદ સમાધાન માટે એમની જિજ્ઞાસાના જવાબમાં આપણે કહીશું કે રોજરોજ આત્મનિરીક્ષણ કરવાથી, આત્મવિચાર, જપ અને ધ્યાનનો આધાર લેવાથી તેમ જ પ્રેમપૂર્વકની પ્રાર્થનાથી થતી પરમાત્માની પરમકૃપાના પરિણામરૂપે માનવની ગમે તેવી ગૂઢ સુષુપ્ત શક્તિઓની જાગૃતિ આપોઆપ થઇ જાય છે. પરમાત્માની પરમકૃપાથી શું નથી થઇ

શકતું? વળી સાધનાત્મક જીવનનું લક્ષ્ય કેવળ માનવીની અંદર રહેલી સુષુપ્ત શક્તિને જ જગાડવાનું નથી; શક્તિના સ્વામી સર્વશક્તિમાન આત્માને પણ ઝંકૃત કરવાનું, જગાડવાનું અને ઓળખવાનું છે. આત્મવિકાસની સાધનાને નામે નાનીમોટી જે ક્રિયાઓ કરવામાં આવે એ આત્માભિમુખ કરનારી હોવી જોઈએ. સમજપૂર્વકની સાધના શનૈઃ શનૈઃ સાધકની સુષુપ્ત શક્તિને સજીવ કરી, સુદૃઢ બનાવી, સર્વશક્તિમાન આત્માને ઓળખાવી, પરમાત્માની પાસે પહોંચવામાં મદદરૂપ બને છે. એટલા માટે શક્તિપાત દ્વારા કોઈ કશુંક આપી દેશે કે વરસાવી દેશે એવા મિથ્યા મોહમાંથી મુક્તિ મેળવીને અધિકાધિક આહ્લાદપૂર્વક સાધના કરવાની અને પ્રતિદિન ખંત, ધીરજ તેમ જ ઉત્સાહપૂર્વક કરતાં જ રહેવાની આવશ્યકતા છે. સુદીર્ઘ સમયની સુવિચારયુક્ત સાધના પોતાની મેળે જ કેટલાંક નિશ્ચિત નક્કર પરિણામો પેદા કરશે.


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૫ ઓક્ટોબર—૨૦૧૨ અંક ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—સુભાષ બંગલો, સરદારનગર, ભાવનગર**

**તા.૨૯/૪/૮૨ ગુરુવાર**

સવારે સર્વેશ્વરી ૬ વાગ્યે ફરવા જાય છે.

હનુમાનના મંદિરે જવાનું બને છે. ત્યાંથી આવી રામાયણ વાંચન શરૂ થાય છે. તે પહેલાં સ્નાન વ્યાયામ કરી લેવામાં આવે છે.

પૂ.શ્રી ૭ વાગ્યે પોતાની કલમ શરૂ કરી દે છે. ૧૧ સુધી કલમ ચાલુ જ રહી. વચ્ચે દૂધ લીધું. આજે ગુરુવાર સાંઈબાબાની સ્તુતિ બોલ્યા. પછી સાડાઅગિયારે ભોજન માટે બહાર નીકળ્યા. વૃક્ષની છાયામાં ભોજન લેવામાં એક પ્રકારનો આનંદ આવે છે.

આજે મુલાકાતમાં શ્રી મહેતાભાઈ પોતાનાં ૯૨ વરસનાં માતાને પૂ.શ્રીના દર્શન માટે લાવે છે. પૂ.શ્રીએ તેમને કહ્યું, છોકરાઓ જમાઈની સેવા કરે, પોતાની માતાની ન પણ કરે.

ઈશ્વરની કૃપા કે તમને સુપુત્ર મળ્યા છે.

એના અનુસંધાનમાં પૂ.શ્રીએ પોતાનાં માતાજીની સેવા સર્વેશ્વરીએ કરી તેનું સ્મરણ કર્યું.

આજે પ્રશ્નો નીચે મુજબના શ્રી ભુપેન્દ્રભાઈએ પૂછ્યા.

**પ્રશ્નઃ** સાધકનું પરમ લક્ષ્ય ઈશ્વર દર્શન કે આત્મદર્શન? એને મેળવવા શું કરવું?

**પૂ.શ્રીઃ** બન્ને એક જ છે. ભક્તો ઈશ્વરદર્શન કહે છે ને જ્ઞાનીઓ તેને આત્મદર્શન કહે છે. તેને મેળવવા ઈશ્વર જેવા થવું, ઈશ્વરનો પ્રેમ કેળવવો. આત્મભાવ વધારવો. ધ્યાન કરવું.

**પ્રશ્નઃ** દર્શન ધ્યાનમાં થાય કે દર્શન ખુલ્લી આંખે થાય તે દર્શન કહેવાય?

**પૂ.શ્રીઃ** બન્ને રીતે થાય. જેવી તમારી ભાવના, અને યોગ્યતા.

**પ્રશ્નઃ** તે દર્શન નિત્ય રહી શકે?

**પૂ.શ્રીઃ** સર્વમાં તે જ દર્શન કરવાની ટેવ પાડો. સમસ્ત વિશ્વમાં તે જ છે, તો તે નિત્યદર્શન થઈ શકે, બની રહે.

**પ્રશ્નઃ** ધ્યાનમાં બેઠા પછી દર્શન માટે પ્રયત્ન કરવો કે સહજ રીતે વર્તવું?

**પૂ.શ્રીઃ** માંગ્યા વિના કોણ પીરસે છે? માંગો તો જ મળે. પ્રયત્ન કરવો જોઈએ.

**પ્રશ્નઃ** એક શરીર છૂટે પછી બીજા શરીરને ધારણ કરવા માટે સમય મર્યાદા ખરી!



**પૂ.શ્રીઃ** કર્મના ઋણાનુબંધ પ્રમાણે કેટલાંક તરત ધારણ કરે. કેટલાકને વાર લાગે.

તમે ભાવનગરથી જ અમદાવાદથી ઉપડતી ગાડીનું રીઝર્વેશન કરાવ્યું.

ભાવનગરથી તમે અમદાવાદ પહોંચ્યા, પણ અમદાવાદ ચાર પાંચ કલાક રોકવું પડ્યું. ગાડી ન મળી તો તમે એ ચાર પાંચ કલાકમાં કાંકરીયા ફરી આવો. કોઈને મળવા જાઓ. અથવા સ્ટેશન પર જ બેસી રહો. પછી ગાડી મળે ત્યારે તેમાં બેસો.

પણ ઘણીવાર ભાવનગરથી અમદાવાદ પહોંચતા ગાડી વચ્ચે મોડી પડે, તો અમદાવાદ પહોંચતાં જ પેલી અમદાવાદથી ઉપડતી બીજી ગાડી તૈયાર જ હોય તો તમે તરત જ બેસી જાઓ. રોકાવું ન પડે.

એ રીતે એક શરીર છૂટે બીજું તરત મળે કે ન મળે, એ બધો આધાર કર્મ ઉપર છે.

**પ્રશ્નઃ** માનવ જન્મ પછી બીજો જન્મ માનવનો જ મળે?

**પૂ.શ્રીઃ** આપણે માનવ જન્મ જ મેળવવો હોય તો મળે.

પ્રશ્નોત્તરીબાદ એકાદ ભજન ગવડાવવાની પૂ.શ્રીની ઈચ્છા થઈ. મુલાકાતી પૈકી શ્રી બાબુભાઈને સર્વેશ્વરીનું ''બંધ બારણે ટકોરા'' ગવડાવવાની ઈચ્છા થઈ. એના અનુસંધાનમાં સર્વેશ્વરીએ પૂ.શ્રીને વિનંતી કરી કે આપ આપનું ''તમે તો ઉઘાડો 'બારણા' ભજન ગવડાવો. પૂ.શ્રીએ કહ્યું બારણાં તો તમે જ બંધ કરો છો ને તમે બોલો છો! તમે જ સૂરતનો એક પ્રસંગ કહી બતાવો.

જેથી સર્વેશ્વરીએ પૂ.શ્રીએ સૂરતમાં જાતે કપડાં ધોવાં. વળી કેનેડામાં જાતે વાસણ માજ્યાં તે પ્રસંગ કહી બતાવ્યો.

પૂ.શ્રીએ એક ભજન ગવડાવ્યું.

"હે અભય પરમ અભયંકર"

ભજન બાદ મુલાકાતનો સમય પૂરો થતાં સૌ પ્રસાદ લઈ વિદાય થયા. પૂ.શ્રી ઉતારા ઉપર આવી ગયા.

પૂ.શ્રી વરસોથી ભાવનગરમાં ચંપલ સીવડાવે છે. આજે તેનું માપ આપ્યું. પૂ.શ્રીએ છાશ પી આરામ કર્યો.

આજે ૫ વાગ્યે વડવા વ્યાયામ મંદિર નામની સંસ્થામાં જવાનું બન્યું. ત્યાં યોગાસાન ને તરણ નિદર્શનના કાર્યક્રમમાં પૂ.શ્રીને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

સ્નાનાગારના વિદ્યાર્થીઓએ પાણી ઉપર જુદા જુદા પ્રયોગો ને આસનો બતાવ્યાં. પૂ.શ્રીએ આશીર્વચનો કહ્યાં.

ટાઉનહોલમાં આજે સર્વેશ્વરી એ પોણો કલાકનો એક વાર્તાલાપ આપ્યો. પછી પૂ.શ્રી એ પોતાનું પ્રવચન આપ્યું.

પ્રવચનબાદ ઉતારા ઉપર આવી જવાનું બન્યું. આજે ગુરુવાર તડબૂચ ને બટાકાની કાતરી ને દૂધ લીધું. પછી આરામ કર્યો.

(ક્રમશઃ)



# શ્રી યોગેશ્વરજીના જન્મોત્સવ સાથે સ્વાતંત્ર્યદિનની ઉજવળી

—ભરત ત્રિવેદી

'સ્વર્ગારોહણ' યોગેશ્વર પરિવારના સભ્યો માટે સાતત્યપૂર્વક પ્રભુપરાયણ આધ્યાત્મિક આનંદોત્સવનું ધામ બન્યું છે. 'પ્રભુના' જન્મોત્સવથી વર્ષભરના ઉત્સવોની શરૂઆત થાય છે. 'પ્રભુ' સદેહે સાકાર સ્વરૂપે આપણી વચ્ચે હોય કે ન હોય આપણે તેમની સાથે હોવાની અનુભૂતિ સ્વર્ગારોહણના અધ્યાત્મિક પ્રસંગોમાં અનુભવીએ છીએ. દ્વારથી કુટિયા સુધીનું વિશ્વમય તીર્થસ્થાન વર્ષમાં વારંવાર માણીએ છીએ. તારીખ ૧૫મી ઓગસ્ટ પ્રભુના જન્મદિનનું નિમિત્ત પ્રાપ્ત કરી ભારતની સ્વાતંત્ર્ય દિનના તહેવાર તરીકે ઉજવાય છે. મહર્ષિ અરવિંદનો પણ આ જ દિન જન્મદિન છે.

આપણા સૌ માટે સ્વર્ગારોહણના ૧૩, ૧૪ અને ૧૫ ઓગસ્ટના ઉલ્લાસમય અને આનંદમય દિને હોય તેમાં જ સાર્થકય છે. રાબેતા મુજબ તા. ૧૩/૮/૨૦૧૨ના દિને સાધકો મોટી સંખ્યામાં સ્વર્ગારોહણ પધારી ચૂક્યા હતા, અને અતિશય આનંદ તથા ભાવમય વાતાવરણની વચ્ચે પૂજ્ય માએ નિર્દેશેલ સાધનામય ઉત્સવની શરૂઆત થઈ. તા.૧૩ અને ૧૪મીએ વરસાદે પણ રમઝટ સાથે ઉત્સવમાં ભાગ લીધો. પરંતુ તા ૧૫મીએ પ્રભુની રથયાત્રા માટે વરસાદે સંયમ જાળવ્યો, કારણ પ્રભુનો જન્મદિન અને રાષ્ટ્રીય ઉત્સવ ખૂલ્લામાં ઉજવવાના હતા.

તા. ૧૩મીથી નિયમ મુજબની સાધના પ્રવૃત્તિઓ ઉપરાંત 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય' ગ્રંથનું પારાયણ તથા ગુરુલીલામૃતનું પારાયણ થતું રહ્યું. આ સાથે પ્રભુના પુરુષોત્તમ યોગનાં પ્રવચનો ટેપ દ્વારા માણી સાક્ષાત પ્રભુવાણી પામ્યા. પ્રભાતફેરી, સત્સંગ સભાઓ યથાવત હતી, પરંતુ મનના આનંદમય ભાવો કાબુમાં રહ્યા ન રહ્યા. સત્સંગી ભાઇબહેનોએ કલ્પનાતીત રીતે સ્વર્ગારોહણને અનેક રીતે શણગાર્યું. પ્રભુની પાલખી અને રથ તો અદ્‌ભુત શણગાર પામ્યા. શ્વેતવસ્ત્રોમાં સજ્જ સત્સંગી ભાઇઓએ તથા મટુકી ધારણ કરેલી બહેનોએ પ્રભુનું બાળસ્વરૂપ લાવી પાલખીમાં પધરાવ્યું. યોગેશૈવલ્ય સભાગૃહને તો તોરણો દ્વારા ખૂબ જ અનેરી રીતે શણગાર્યું. સૌથી શ્રેષ્ઠ તો પ્રભુના બાળસ્વરૂપને ઝૂલવા પારણું સજ્જ કરી શણગાર્યું. શબ્દોના વર્ણન ઓછા પડે તેવું. યોગશૈવલ્ય, પ્રદક્ષિણાપથ અને કુટિયા શણગાર્યા. પ્રભુના વિધવિધ સ્વરૂપવચનો પ્રદક્ષિણાપથ પર ઉપદેશની રાહ જોતી આંખોમાં સમાતાં હતાં. એ વાંચીને કઇંક પામ્યાની અનુભૂતિ થતી હતી.

૧૫મી ઓગસ્ટના પ્રભાતની લાલીમા પ્રગટી અને વરસાદે પણ ઉત્સવ માણવા ખમૈયા કરી આકાશના ખૂણે સ્થાન ગ્રહણ કર્યું. સૌ પ્રથમ શ્રી અધ્યાત્મના તંત્રી શ્રી નારયણભાઇ જાનીના હાથે કલ્યાણની દોરવણી પ્રમાણે કુટિયાના પ્રાગંણમાં રાષ્ટ્રીય ધ્વજનું વંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે રાષ્ટ્રીય ગીતો શ્રી નિલેશ ટેલર, અજય કલોલા વગેરેયે બુલંદ અવાજે ગાઇ–ગવડાવી સમગ્ર વાતાવરણને રાષ્ટ્રીયભાવથી ભરી દીધું.

તે પછી પ્રભુના જન્મદિન નિમિત્તેના ઉત્સવના પ્રારંભમાં



યોગશૈવલ્યના પ્રાંગણમાં બધા જ સાધક ભાઇબહેનો એકઠાં થયાં. પૂ.યોગેશ્વરજીનું યુવાકાળનું સ્વરૂપ યોગતીર્થમાંથી બહેનોએ મંગલ ગીતો ગાતાં લાવી ખાસ શણગારેલ રથમાં પધરાવ્યું. પછી સાધક ભાઇઓબહેનોએ ૧૧ બાવનીઓના ગાન સાથે આ રથને સ્વર્ગારોહણના પરિસરમાં ફેરવી યોગતીર્થના શણગારેલ પારણામાં પધરાવી–પ્રભુના પારણાને વારા ફરથી ઝૂલાવવાનો આનંદ સર્વ સાધકોએ માણ્યો. તો મા–પ્રભુની બાવની, ગરબાના ઢાળમાં ગાતા ગાતા બહેનો અને ભાઇઓએ ગરબાઓ ગાઇ–જન્મોત્સવનો આનંદ માણ્યો.

યોગશૈવલ્યમાં સંગીત અને વાદ્યો સાથે પંડિતજીએ ઉત્સવ કરાવ્યો. તેમના મધુર કંઠ વક્તવ્ય અને ગાન માણ્યાં. ત્યારબાદ નીલેશભાઇ ટેલર, જયુબહેન, પૂજા, મયૂરીબહેન સૌએ મા પ્રભુના પદો ગાયાં અને વાતાવરણ પ્રભુમય બનાવ્યું. આ ઉત્સવ પછી પ્રભુના પ્રવચનની ટેપ દ્વારા પ્રભુ પ્રસાદ પામ્યા. અને બાવની પણ રજૂ થઇ જે સુંદર રીતે સમૂહગાનમાં હતી. **''અધ્યાત્મના અનસ્ત સૂર્ય''**નું પારાયણ પૂર્ણ થયું. અનેક સાધકોએ નિયમાનુસાર સાધના પણ કરી.

સાંજના આનંદોત્સવમાં ''મટકી ફોડ''નો સરસ કાર્યક્રમ યોજાયો. જેમાં બાળકો, બહેનો અને ભાઇઓએ આનંદપૂર્વક મટકી ફોડી પ્રસાદ પામ્યાં ત્યાર પછીની સત્સંગ સભામાં સૌ પધાર્યા અને અનેક સ્મૃતિઓ વાગોળી આનંદ પામ્યા. સમારંભ પૂર્ણ થતાં યોગતીર્થમાં પ્રભુનું સ્વરૂપ યથાસ્થાને મૂક્યું. સમારંભની સંધ્યાએ ઉપસ્થિત સત્સંગીઓએ–આજ દિને સંપૂર્ણ સ્વર્ગારોહણ ન છોડતાં સમારંભ પછી પણ ચાર દિવસ

સ્વર્ગારોહણમાં મુકામ રાખવો તેવી 'મા'ની ઇચ્છાને માન્ય રાખી ઘણી બહેનોએ, સત્સંગી ભાઇઓએ ઉત્સવ પછી પણ સાધના ચાલુ રાખી નિવાસ કર્યો. આ ઉપદેશ આપણે સૌએ હંમેશ માટે ગાંઠે બાંધવાનો છે.

આ દિવસોમાં સતત વરસાદ અને પૂ.મા પ્રત્યક્ષ રીતે અનુપસ્થિત હતાં છતાં કષ્ટ વેઠીને ઘણા બધા સાધકોએ અત્રે આવી પૂ.ગુરુદેવ પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ દર્શાવ્યો. શ્રી રાજુભાઇ જાનીએ કરેલ આયોજનને સફળ બનાવવામાં સાથ આપ્યો. અને યોગેશ્વર પ્રભુ પ્રત્યેનું પ્રેમ ભક્તિનું ભાથું લઇ વિદાય થયા. શ્રી હરીશભાઇ કોન્ટ્રેક્ટરે પણ સપરિવાર ઉપસ્થિત રહી આ મહોત્સવ છેલ્લે છેલ્લે માણી લીધો. એમને માટે સાબિત થયું. "આવો અવસર ફેર ના આવે."

**વિપત્તી જો થોડા દિવસ રહેતો બહુ સારી છે, કારણ કે, તેનાથી સંસારમાં કોણ મિત્ર અને કોણ દુશ્મન છે તે ખબર પડી જાય છે.**

**જીવન એટલે શિવનું જીવને મળવા આવવું અને જીવનું શિવને મળવા જવું એટલે મૃત્યું**



# શ્રદ્ધાંજલિઓ—ત્રણ દિવંગત સાધકોને

**—નારાયણ હ. જાની**

આ સંસારમાંથી કોઇ ક્યારે વિદાય લે તે કોઇ જાણતું નથી. પણ વિદાય નિશ્ચિત છે એ સૌ જુએ છે, સમજે છે, પણ તે માટેની તૈયારી કોણ કરે છે?

શ્રી યોગેશ્વર પરિવારમાંથી હમણાં ત્રણ વ્યક્તિઓએ વિદાય લીધી. શ્રી મોહનલાલ ટેલર, શ્રી હરીશભાઇ કોન્ટ્રેક્ટર અને શ્રી ધીરજબેન નાણાવટી. આ ત્રણે વ્યક્તિઓ માટે અમે જાણીએ છીએ ત્યાં સુધી કહી શકીએ કે વિદાય માટે ગાફેલ ન હતા. ગુરુદેવ અને પૂ.મા સર્વેશ્વરી દ્વારા એમના જીવનમાં પ્રભુનો પ્રવેશ થઇ ગયેલો હોવાથી, માનસિક રીતે સ્વસ્થ રહીને પોતાના ભૌતિક પરિવારમાંથી વિદાય લીધી.

એ સાચું છે કે ઉમ્મર થતાં, કેટલીક શારીરિક તકલીફો થાય. શ્રી મોહનલાલને પણ આવી તકલીફ હતી. ચાલી ના શકતા. છતાં શક્ય હોય ત્યાં સુધી તેઓ તેમની પુત્રી મયૂરી અને પત્ની શ્રીમતી નિર્મળાબેન સાથે સ્વર્ગારોહણ અંબાજી આવતા. અહીં તેઓ બધા કાર્યક્રમોમાં તો ભાગ નહીં લઇ શકતા, પરંતુ સતત જપ અને સ્તોત્ર પાઠ કર્યા કરતા, જેથી એમનું મન સંસારથી સારું એવું ઉપરામ થયેલું. સ્વર્ગારોહણના સત્કર્મોમાં તેમના બન્ને પુત્રો પણ સપરિવાર પૂ.મા પ્રભુમાં શ્રદ્ધાભક્તિ ધરાવતા હોઇ સેવા આપતા રહે છે.

તો શ્રી હરીશભાઇ કોન્ટ્રેક્ટર તો પૂ.મા—પ્રભુના વર્ષો જૂના

ભક્ત. ૧૯૬૨માં જામનગરમાં અમારા પાડોશી થવાના નાતે પૂ.શ્રીના પ્રથમ પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા. પરિણામે સમગ્ર વિશાળ કોન્ટ્રાક્ટર પરિવાર પણ પૂ.પ્રભુ યોગેશ્વરજી ને પછી પૂ.માના પરિચયમાં આવ્યો ને તેઓમાં શ્રદ્ધા ભક્તિ ધરાવતો થયો. એટલું જ નહીં પણ સ્વર્ગારોહણનાં સેવા કાર્યોમાંય સહાયરૂપ થતો રહ્યો.

શ્રી હરીશભાઈએ એક સાચા અને સારા અધિકારી તરીકે ગુજરાત રાજ્ય જમીન વિકાસ બેંકમાં ઘણાં વર્ષો સુધી સેવાઓ આપી. હજારો પ્રામાણિક ખેડૂતોને આર્થિક સહયોગ પૂરો પાડ્યો. તો બેંકના પક્ષે, ધિરાણ લઈ બેંકના હપ્તા ન ભરનાર રાજકીય વગ ધરાવતા ડાંડ ખાતેદારોને અંગત રાગદ્વેષ રાખ્યા સિવાય કાયદાકીય કાર્યવાહી કરી બેંકની વસુલાતનું કામ પણ કર્યું. એમ કરવામાં તેઓ સફળ રહ્યા, કારણ કે તેઓ ગમે તેવી ઉગ્ર રજુઆતોના પ્રસંગે કદી ઉશ્કેરાઈ કે ગુસ્સે ન થતા. અખૂટ ધીરજ એ એમનો મહત્ત્વનો ગુણ હતો. તેથી તેઓ સારા સાધક પણ બની શક્યા.

એમના નાના પુત્ર શ્રી દક્ષેશભાઈએ અમેરિકા જઈ પૂ.શ્રી યોગેશ્વરજીના વિપુલ સાહિત્યને ઈન્ટરનેટ પર મૂકી, તેઓને તથા પૂ.માને જગમંચે પ્રકટાવવાનું જે અદ્વિતીય કામ કર્યું, તે કાયમ માટેની યાદગીરી બની રહેશે. તેમાં તેમના મોટા ભાઈ અતુલભાઈ અને એમની પત્ની અમીબેને પણ ઘણું મોટું પ્રદાન કર્યું છે. પૂ.માના અંગત સેવા કાર્યો અને ખરીદીમાં શ્રી હરીશભાઈનાં પત્ની શ્રી મહાલતાબેનનો ફાળો વર્ષો સુધી



મહત્ત્વનો રહ્યો. તો પૂ.મા સર્વેશ્વરીએ સમગ્ર પરિવારને જીવલેણ અકસ્માતમાંથી અદ્ભુત રીતે ઉગારી, તેમની રક્ષા પણ કરી છે. અધ્યાત્મ માસિકને પણ ઈન્ટરનેટના Swargarohan.org પર મૂકવાનું કામ પણ દક્ષેશભાઈએ કર્યું છે. આ સમગ્ર જનહિતની પ્રવૃત્તિઓના મૂળમાં શ્રી હરીશભાઈ જ રહેલા. યોગ અને પ્રાણાયામના અભ્યાસી એવા યોગી પુરુષ શ્રી હરીશભાઈના જીવનની અંતિમ ક્ષણો ખૂબ સ્વસ્થ અને શાંતિપૂર્ણ રહી, જે એમના મુખ પરની તે વખતની શાંતિ ને કાંતિથી જોઈ શકાતું હતું.

એમના જવાથી એક સાચા સમજદાર, અભ્યાસુ, સદા શાન્ત ને પ્રસન્ન એવા સ્નેહાળ મિત્રની અમને અંગત રીતે પડેલી ખોટ તો શી રીતે પૂરાય? તેઓ ભૌતિક રીતે આપણા સહુ માટે સ્મૃતિશેષ બની ગયા. મા—પ્રભુની કૃપાથી એમને તો શાંતિ હશે જ, બીજુ એ આત્મા, જ્યાં પણ હશે, ત્યાં સૌને શાંતિ ધરતો રહેશે. એવો અમને પૂરો વિશ્વાસ છે.

ત્રીજા દિવંગત સાધક છે શ્રી ધીરજબેન નાણાવટી. વિદેશમાં વસવા છતાં તેઓના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોને લીધે તેઓ અમેરિકા પધારતા ભારતના સાધુસંતોને હંમેશાં પોતાને ત્યાં પધરાવી ત્યાંના લોકોને સત્સંગનું સુખ પહોંચાડતાં રહેતાં. તેઓમાં સારી લેખન શક્તિ હતી. એથી પૂ.માના પરિચયમાં આવ્યા પછી તેઓ તેઓની આગવી સૂઝના પરિણામે પૂ.માની સાધનાને સારી રીતે સમજી શકતાં, અને સારાં લેખિકાના નાતે પોતાના પ્રતિભાવો લેખો દ્વારા વાંચકો સુધી પહોંચાડતાં.

અધ્યાત્મના સપ્ટેમ્બર, ૧૨ના અંકમાં જે છેલ્લી લેખન પ્રસાદી પ્રાપ્ત થઈ તે **'દેવી સર્વેશ્વરી ભગવતી વંદુ'.** આ પ્રવૃત્તિઓમાં તેમને તેમના પતિ શ્રી નરેન્દ્રભાઈનો પણ સહકાર મળી રહેતો. તેઓએ પણ અતિ કઠિન ગણાતી કૈલાસ માનસરોવરની યાત્રા પણ કરી છે.

જૈફવયે શ્રી નરેન્દ્રભાઈને પડેલ આ ખોટ ન પૂરાય તેવી છે. છતાં તેઓ પણ એક આધ્યાત્મિક વ્યક્તિ હોઈ, પ્રભુની આ ઘટનાને સ્વીકારી લઈ, એ દિવંગત આત્માને સાચી શ્રદ્ધાંજલિ ધરશે.

શ્રી ધીરજબેન પણ ભારત આવતાં ત્યારે સ્વર્ગારોહણ અંબાજી આવતાં હોવાથી યોગેશ્વર પરિવારના ભારતના સાધકો તેમના લેખન તેમજ પ્રત્યક્ષ પરિચય દ્વારા ઓળખતા. એથી એ આત્માને યોગેશ્વર પરિવાર વતી—આ શ્રદ્ધા—સુમન અમે ધરી રહ્યા છીએ.

જે તકલીફ વગર ફાયદો મેળવવા જાય છે, એને ફાયદો મળ્યા પછી તકલીફ થાય છે.

ન્યાયમાં એક ઘરે અજવાળું થાય છે તો બીજા ઘરે અંધારું થાય છે, જ્યારે સમાધાનમાં બન્ને ઘરે દીવડા પ્રગટે છે. કર્મસત્તા ન્યાય કરે છે, ધર્મ સત્તા સમાધાન કરે છે.

બદલો લેવાથી તમને થોડીવાર આનંદ થશે, પણ ક્ષમા આપવાથી જે આનંદ મળશે તે ઘણા લાંબા સમય સુધી ટકશે.



# સમય પાકી ગયો છે!

—પરમાર્થી

મ્હોરું હવે તો ઉતાર, સમય પાકી ગયો છે!
શાને લગાડે તું વાર? સમય પાકી ગયો છે!
ભરેલી રીતો તારી સૌ દંભથી
છેતરાતા લોકો જોઈને આરંભથી
વૃથા કરે તું પસાર, સમય પાકી ગયો છે!
હરિને ભજવાના વાયદા કર્યા છે,
કરવાનાં કામો બાકી રહ્યાં છે,
થંભે ન કાળ લગાર, સમય પાકી ગયો છે!
કાળાના ધોળા વાળ થયા છે,
મોંઢાના દાંતો પડી ગયા છે,
હવે તો કર તું વિચાર, સમય પાકી ગયો છે!
દીપક આંખોના ઝાંખા થયા છે,
અંગો શિથિલ થઈ ધ્રુજવા લાગ્યાં છે,
રહેશે ન શક્તિ લગાર, સમય પાકી ગયો છે!
જાગી શકે તો હજીયે જાગી જા!
આવ્યો તો ફેરો સફળ કરી જા!
સોનેરી ઉગશે સવાર, સમય પાકી ગયો છે!
હારની બાજી પણ પ્રભુની કૃપાથી
જીતયાં ફેરવાશે કહે પરમાર્થી
સમજી લે સાચો એ સાર, સમય પાકી ગયો છે!

# શક્તિ અને શંકરાચાર્ય

—શ્રીયોગેશ્વરજી

ભારતના જ નહીં પરંતુ સમસ્ત સંસારના આધ્યાત્મિક જગતના મહાન જ્યોતિર્ધર શ્રી શંકરાચાર્ય.

હિંદુ ધર્મના વિશાળ વ્યોમમાં જ્યારે વિપત્તિનાં વાદળાં છવાઇ ગયેલાં અને ધર્મનું સાચું સ્વરૂપ ભૂલાઇ ગયેલું ત્યારે એ અસાધારણ પ્રતિભાસંપન્ન શક્તિશાળી જ્યોતિર્ધરનું પ્રાકટ્ય થયું અને એ પ્રાકટ્ય સમસ્ત દેશને માટે અમુલખ આશીર્વાદરૂપ થઇ પડ્યું. બત્રીસ વરસની નાની વયમાં એમણે કરેલું વિવિધલક્ષી લોકકલ્યાણનું કાર્ય આજે પણ અમર છે, એવું જ પ્રાણવાન છે અને એમના પ્રત્યે આદર ભાવ ઉત્પન્ન કરે છે.

એ મહાપુરુષના જીવનની એક પ્રેરણાત્મક વાત છે.

એ વાત શાંતિથી સમજવા જેવી છે.

કહે છે કે એક વાર ભારત વર્ષના પોતાના પ્રવાસ દરમિયાન ફરતા ફરતા એ વૈષ્ણો દેવી પાસે આવી પહોંચ્યા.

વૈષ્ણો દેવી કાશ્મીરનું મોટું તીર્થધામ ગણાય. દર વરસે નવરાત્રિના દિવસોમાં ત્યાં મોટો મેળો ભરાય. દેશના વિભિન્ન વિભાગોમાંથી લોકો ભારે ઉત્સાહ સાથે ત્યાં ભેગા થાય છે.

કાશ્મીરમાં શક્તિ ઉપાસનાનું જોર ઘટાડવા શંકરાચાર્યે શુદ્ધ આત્મજ્ઞાનની પ્રતિષ્ઠા માટે એ ઉપાસનાની વિરુદ્ધ પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરવા માંડ્યો.

એ શાસ્ત્રાર્થને લીધે પંડિતો અને ઉપાસકોમાં ખળભળાટ મચી ગયો.



શંકરાચાર્યની પ્રખર તર્કશક્તિ અને મેધા આગળ પંડિતો ટકી ના શક્યા તો પછી સામાન્ય જનતાનું તો કહેવું જ શું? એમની શ્રદ્ધા હાલવા માંડી.

લોકોને લાગ્યું કે કાશ્મીરમાંથી શક્તિ સંપ્રદાયનો નાશ થઇ જશે, આ સંન્યાસીનું આગમન એટલા માટે જ થયું લાગે છે, એ શક્તિનું ખંડન કરે છે ને શક્તિ ઉપાસનાની વિરુદ્ધ એવી અકાટ્ય દલીલો કરે છે કે અસાધારણ કહેવાતા વિદ્વાનો પણ એમના ઉત્તરો નથી આપી શકતા.

કાશ્મીરના ખૂણેખૂણેથી વૈષ્ણો દેવીમાં ટોળે વળેલા વિદ્વાનો નિરાશ થઇ થઇને પાછા ફરવા માંડ્યા.

એ દિવસોમાં એક અદ્ભુત બનાવ બન્યો.

વધારે પડતા પરિશ્રમને લીધે કે કાશ્મીરનું પાણી માફક ના આવવાથી કે ગમે તે કારણે, શંકરાચાર્યનું સ્વાસ્થ્ય બગડ્યું અને એમને તાવ આવવાથી એ પથારીવશ બની ગયા. એમને માટે વાદવિવાદ કે શાસ્ત્રાર્થ કરવાનું તો ઠીક પરંતુ હરવા—ફરવાનું પણ મુશ્કેલ બની ગયું.

થોડાક દિવસો એવી અસ્વસ્થ દશામાં પસાર થઇ ગયા પછી એક દિવસ વહેલી સવારે એમની આગળ એક નવેક વરસની વયની તેજસ્વી કન્યા આવી.

એ એમને પ્રણામ કરીને બોલી, ‘હું તમારાં દર્શન કરવા ને શાસ્ત્રાર્થ સાંભળવા આવી છું પરંતુ તમે તો સૂઇ રહ્યા છો. તમે હરતા ફરતા કેમ નથી?’

‘મારામાં શક્તિ નથી.’ શંકરાચાર્યે ઉત્તર આપ્યો.

'શક્તિ નથી? તમે શક્તિમાં માનો છો?'

'કેમ ના માનું? મારામાં શક્તિ નથી એટલે તો પથારીમાં પડ્યો છું. ને મારી બધી જ બાહ્ય પ્રવૃત્તિઓ બંધ પડી છે.'

'એમ?' છોકરી બોલી, 'મને તો એવું લાગતું'તું કે તમે શક્તિમાં નહિ માનતા હો. માટે તો તમે પંડિતોની શ્રદ્ધાને હલાવવા માટે શાસ્ત્રાર્થ દ્વારા પ્રવૃત્તિ કરી રહ્યા છો. કાશ્મીરમાં આવીને તમે શક્તિમાર્ગનું ખંડન કરો છો એથી મને આશ્ચર્ય થાય છે કે શક્તિમાં માનતા હોવા છતાં એવું અનર્થકારક કામ કેવી રીતે કરી શકો છો?'

શંકરાચાર્ય તો છોકરીના શબ્દો સાંભળીને વિસ્મય પામ્યા. એમને થયું કે છોકરી કોઇ સાધારણ છોકરી નથી.

ત્યાં તો કન્યાએ કહ્યું, 'તમે મને નથી ઓળખી શક્યા પરંતુ હું વૈષ્ણો દેવી પોતે છું. તમને દર્શન આપવા આવી છું.'

'વૈષ્ણો દેવી?'

'હા, વૈષ્ણો દેવી.'

કન્યાના શરીરમાંથી પ્રકાશનાં કિરણો ફૂટ્યાં. શંકરાચાર્યને શંકા ના રહી કે પોતાની આગળ સાક્ષાત દેવી જ મૂર્તિમંત થઇ છે.

દેવીને એ પગે લાગ્યા એટલે દેવીએ કહ્યું, 'શંકર, મેં તને મારા મહિમાનું ભાન કરાવવા જ તાવ લાગુ કરીને પથારીવશ કર્યો છે. તું મને નથી માનતો પણ હવે સમજી શકીશ કે હું તારા કરતાંય વધારે વાસ્તવિક છું. શક્તિ સંપ્રદાયમાં અને દેવીની ઉપાસનામાં કોઇક દોષો જરૂર હશે. તે દોષો પ્રત્યે લોકોનું લક્ષ



ખેંચવાને બદલે તું તે ઉપાસના તથા સંપ્રદાયનું જ નિકંદન કાઢવા માંગે છે તેથી લોકોનું યથાર્થ હિત નહીં થાય.'

શંકરાચાર્યને નવી જ દૃષ્ટિની પ્રાપ્તિ થઇ. એમણે દેવીની સ્તુતિ કરી.

દેવીએ આશીર્વાદ આપતાં કહ્યું, 'તારો તાવ મારી કૃપાના પરિણામરૂપે આજથી જ મટી જશે, પણ તું હવે વધારે ખંડન ના કરીશ.'

અને દેવી અંતર્ધાન થઇ ગઇ.

એ પછી શંકરાચાર્યનું સ્વાસ્થ્ય સુધરી ગયું. એમણે શક્તિધર્માવલંબી પંડિતો સાથેનો શાસ્ત્રાર્થ માંડી વાળ્યો. એને બદલે દેવી પ્રત્યેના ભક્તિભાવથી ભરેલું સુંદર સ્ત્રોત રચ્યું. થોડા દિવસો પછી એમણે કાશ્મીરની વિદાય લીધી.

વૈષ્ણો દેવીની એ કથાથી ઉત્સાહિત થઇને આજે પણ લાખો ભાવિકો એની યાત્રા કરે છે અને એને પોતાની અંજલિ ધરે છે.

## ખુદાનું ઘર ક્યાં નથી?

શીખ ધર્મના મહાન સંસ્થાપક ગુરુ નાનકદેવ.

એમની ઉપદેશ આપવાની પદ્ધતિ એમના જીવન જેવી જ વિલક્ષણ હતી.

એનો પરિચય કરાવતા એક સુંદર સારવાહી પ્રસંગનું સ્મરણ કરીએ.

એમના શિષ્ય ને સેવક મરદાનાએ એક વાર કાબાના દર્શન કરવાની ઇચ્છા પ્રદર્શિત કરવાથી એ એને તથા લાલુને લઇ હજ કરવા માટે ચાલી નીકળ્યા.

અહમદાબાદ, વજીરાબાદ, ડેરા ઈસ્માઈલખાન, શિકારપુર તથા હૈદ્રાબાદ થઈને ધર્મપ્રચાર કરતા એ કરાંચી પહોંચ્યા. અને પછી બલુચિસ્તાનને રસ્તે થઈને સંવત ૧૯૭૫માં મક્કા શરીફમાં પહોંચ્યા. એમણે ફકીરનો ઝોલો જભ્ભો પહેરેલો, હાથમાં કમંડળ જેવું પાત્ર રાખેલું, ને નમાઝ પઢવાની સાદડી લીધેલી.

મક્કા શરીફમાં આવીને એ ખૂબ જ થાકી ગયા હોવાથી ત્યાંની પ્રખ્યાત મસ્જીદમાં સૂઈ ગયા. જોતજોતામાં એમને ઊંઘ આવી ગઈ. એમને ખબરે ના પડી કે ઊંઘની એ અચેતાવસ્થામાં એમના પગ કાબા તરફ થઈ ગયા.

સવારે ત્યાંના મુજાવરે એ જોયું તો એના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે કઠોર સ્વરે કહ્યું.

‘અરે કાફર, તું ખુદાના ઘર તરફ પગ રાખીને સૂતો છે તેની તને ખબર છે?’

નાનકદેવે પોતાની ભૂલ થઈ છે એમ જણાવ્યું. પરંતુ એથી મુજાવરનો ગુસ્સો ના શમ્યો. એ જેમ ફાવે તેમ બોલવા લાગ્યો એટલે નાનકદેવે કહ્યું, ‘ભાઈ, તું મારા પર આટલો બધો ગુસ્સે થાય છે. પરંતુ તું જ બતાવ કે ખુદાનું ઘર ક્યાં નથી? તો હું મારા પગ ફેરવી લઉં અને એ તરફ રાખું.’

એટલીવારમાં એ કોલાહલ સાંભળી ત્યાં રૂકિમદીન મુફતી આવ્યા. ગુરુ નાનકદેવને ઉદ્દેશીને બોલ્યા, ‘તમારા વેશ પરથી તમે ફકીર છો એવું અનુમાન કરી શકાય છે. તમે કયા ધર્મના છો?’

‘ભાઈ, હું તો સમસ્ત સૃષ્ટિના સ્વામી ખુદાના ધર્મનો છું.’



નાનકે સ્પષ્ટ કર્યું ને કહ્યું, ‘એ ખુદા એક જ છે, જન્મ ને મૃત્યુથી પર છે, અખંડ, અદ્વિતીય અને સર્વવ્યાપી છે.’

‘એમાં કોઈ નામ મને નથી ગમતાં, હું તો ખુદાનો એક નાનો બંદો છું અને એના હુકમને જ અનુસરું છું.’

‘તમારી વાત તો કલમાની વાતને મળતી આવે છે. તમે મુસલમાન કેમ નથી થતા?’

નાનકે કહ્યું, ‘વેદો પણ એ એક જ ઈશ્વરના ગુણ ગાય છે અને એ એક જ પરમાત્માનું પ્રતિપાદન કરે છે. પછી હું મારી જાતને હિંદુ શા માટે ના કહું? સત્ય તો ત્રિલોકાબાધિત કે શાશ્વત છે. જેને એની અંદર શ્રદ્ધા છે તે તો સર્વત્ર ને પ્રતિક્ષણ એનો જ અનુભવ કર્યા કરે છે. બહારના મતમતાંતરોની મોહિનીમાં એ નથી પડતો. તમે મસ્જીદને ખુદાનું ઘર કહો છો પણ શું બીજે બધે ખુદાનું અસ્તિત્વ નથી? જેની દૃષ્ટિ દૈવી છે તે તો પછી બીજા ધર્મવાળાને ધિક્કારની નજરે જોવાને બદલે પ્રેમની નજરે શા માટે નથી જોતા?’

નાનકદેવના એ સદુપદેશથી મુફતી તથા બીજા બધાને ઘણો આનંદ થયો. એમણે નાનકદેવને કુરબાનીમાં ભાગ લેવાનું આમંત્રણ આપ્યું. એનો અસ્વીકાર કરતાં નાનકદેવે કહ્યું, ‘મારાથી એવી કુરબાનીમાં ભાગ નહીં લઈ શકાય. તમારા શરીરને લોહીનું ટીપું પણ અડે છે તો તમે નાપાક થઈ જાવ છો,’ તો પછી છરી મારીને તમે ખુદાને પ્રસન્ન કેવી રીતે કરી શકો? આપણે મન વચન કર્મથી નિર્દોષ રહેવું જોઈએ. બકરાને મારવામાં કુરબાની નથી સમાયેલી. સાચી કુરબાની તો પારકાના

ભલાને માટે પોતાની જાતને ઘસી નાખવામાં ને ફના કરવામાં છે. તમે જે બકરાને મારો છો તેમાં શું ખુદાનું ઘર નથી દેખાતું? ખુદા ખલકથી જુદો નથી. અલ્લા અણુઅણુમાં રહ્યો છે, એ એની કૃપાથી સમજાય છે. વેદ કુરાન વાંચવાથી આત્માને પરમ શાંતિ નથી મળતી, પરંતુ પરમાત્માના અનુભવથી મળે છે. એ અનુભવ ભક્તિથી થઇ શકે છે. પવિત્રતા, અહંકારનો ત્યાગ, દિલની સચ્ચાઇ, સમદૃષ્ટિ અને ઈશ્વરનું સતત સ્મરણ ખુદાના ઘરમાં પહોંચાડી શકે છે. એ ઘર સંસારમાં સર્વત્ર ફેલાયેલું છે.'

નાનકદેવની વાત મુફતીના ગળે ઉતરી ગઇ. એવી રીતે સૌને ગળે ઉતરી જાય તો? ધર્મ, સંપ્રદાય અને મતમતાંતરના નામે દેખાતી કટુતા, ઘર્ષણ, ધિક્કાર અને પશુતા સહેલાઈથી શમી જાય ને માનવ માનવને માટે અભિશાપરૂપ થવાને બદલે આશીર્વાદરૂપ થાય.


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.




# અધ્યાત્મનો અનસ્ત સૂર્ય

–દિનેશ ટાંક

'ઊઠો! જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો' સ્વામી વિવેકાનંદનો આ પ્રિય મંત્ર ચરિતાર્થ કરવા જ જાણે કૃતસંકલ્પ એવા હિમાલયના તપસ્વી, અનન્ય માતૃભક્ત, અપૂર્વ જાગૃતિ, સંપૂર્ણ નિર્ભ્રાંતિથી જીવનની પળેપળ જીવી, સાધનામાર્ગમાં આવતા કોઇ પણ અંતરાયને અવગણી, કેવળ ધ્યેય તરફ દૃષ્ટિ રાખનાર પરમ વંદનીય શ્રીયોગેશ્વર અધ્યાત્મજગતની એક અતિ વિરલ વિભૂતિ છે.

શ્રી યોગેશ્વરના સમગ્ર જીવનનો, જીવનસાધનાનો એક જ સૂરઃ 'જગદંબાની પ્રાપ્તિ' માત્ર દર્શન કે દર્શનો નહીં પણ પોતાના સમગ્ર અસ્તિત્વમાં એમનો આવિર્ભાવ અહર્નિશ રહે. પોતાની કાયા જગદંબાની જ છાયા રહે એવો સદાગ્રહ એને માટે જે કાંઇ કરવું પડે એ સહી પણ પ્રકાશ જ થઇ જવું.' એ યોગેશ્વરની મૂર્તિ અધ્યાત્મવિભાગના.

પણ કોઇને પ્રશ્ન થાય કે, અસીમ પરમતત્ત્વને, પરમાત્માના કોઇ એક નામ કે રૂપમાં સીમિત કરી જોવાની ઇચ્છાનું કારણ? તો એનો ઉત્તર એ કે, પરમાત્મા નિર્ગુણ, નિરાકાર સર્વમાં ઓતપ્રોત છે એવું માનનારો એક વર્ગ છે તો બીજો વર્ગ એકજ સગુણ સાકાર માની વિશિષ્ટ નામરૂપમાં એનો સાક્ષાત્કાર સાધના દ્વારા કરવા ચાહે છે, એટલે શ્રી યોગેશ્વર 'જીવનની દિવ્યતા સાથે સંબંધિત થવા જગદંબાનું પ્રતીક શોધી કાઢે છે. શ્રી યોગેશ્વર દ્વારા, એમના વાણી, વર્તન, આચરણ જીવનચર્યા દ્વારા એ

પરમતત્ત્વનું ઉદ્દ્ઘાટન થાય છે. એ સમજી જીવન જીવવાની એક ચાવી છે ને ચિત્તમાં એમને માટે અહોભાવ જાગે છે.'

અલબત્ત, જે સંત શુદ્ધ, બુદ્ધ બને છે એને પણ દેહનું પ્રારબ્ધ લઈને જીવવું પડે છે. દેહ—સ્થળકાળ ને સંસારસાપેક્ષ એમના વ્યવહાર હોય છે. છતાં એની સાથે જે 'સત્ય' જાણ્યું—પ્રીછ્યું હોય, એનાથી એમની ચેતના ભીંજાયેલી રહે છે ને એ જ સત્ય એમના મન વચન અને કર્મમાં સમસ્ત જીવનમાં મુખરિત થાય છે. આ સ્થળકાળ નિરપેક્ષ વિભાગ પણ એમના જીવનમાં સદૈવ હોય છે.

એ જે પ્રકારના આહાર—વિહાર—પહેરવેશ ધારે છે, જે પ્રકારની દિનચર્યા જીવે છે એ બાહ્યાંગ છે પણ પોતે પ્રતીત કરેલા સત્ય પર અડગ રહી એ સ્વાધીનતાથી સહજ જીવે છે. જેમ આપણે મનુષ્ય છીએ એવો ઢંઢેરો પીટવો નથી પડતો એમ શ્રી યોગેશ્વર જેવા સંતોની પોતાની આ સહજાવસ્થા કે મુક્તાવસ્થાનો ઢંઢેરો પીટવો પડતો નથી, જે કંઈ હોય છે એ સહજ જ હોય છે. એ સહજતામાં જ જીવનનો એમનો અભિક્રમ હોય છે તેથી એમનું જીવન જીવવાનું કર્મ જ ચિત્તશુદ્ધિનું કર્મ બની રહે છે.

શ્રી યોગેશ્વરે પણ તપ દ્વારા શરીરશુદ્ધિ, સ્વાધ્યાય દ્વારા વાકશુદ્ધિ અને ભક્તિ જ્ઞાન—ધ્યાન, પ્રાર્થના દ્વારા ચિત્તશુદ્ધિ સાધી. જેનો સીધો આવિષ્કાર એમના જીવનસમગ્રમાં થવા પામ્યો હતો.

ઈ.સ.૧૯૨૧માં ગુજરાતના એક નાનકડા ગામ સરોડામાં જન્મેલા શ્રી યોગેશ્વર કહે છેઃ બાળપણની ખાસ કોઈ જ વાત



યાદ આવતી નથી. એક વાત યાદ છે પિતાજીનો સ્વર્ગવાસ થયો ને માતાજીએ ઊમરા ઉપર માથું પછાડી બંગડી ફોડી નાખેલી તે, બાકી બધી ગડીઓ ઉકેલીને શું કરવું છે?

ઈ.સ.૧૯૪૧માં હૃષીકેશ જઈ, શ્રીયોગેશ્વરે વીસેક વર્ષ હિમાલયની હાડ થિજાવી નાખતી ઠંડીમાં આકરી તપશ્ચર્યા કરી. જુદા જટિલ પથ સિદ્ધપુરુષોને મળ્યા. અલૌકિક અનુભવો પામ્યા. સાધનાનો જટિલ પથ ઈશ્વર પર શ્રદ્ધા રાખીને, 'મા' જગદંબાનો આશ્રય લઈને એકલે હાથે જ ખેડ્યો. સતત સાવધ, જાગ્રત અને કડક આત્મનિરીક્ષક રહીને અપૂર્વ લગન, અપાર ધીરજ, અપ્રતિમ હિંમત, અનન્ય—ત્યાગ—સમર્પણભાવથી વ્રતો—ઉપવાસો—પ્રાર્થનાઓ—ધ્યાન સમાધિ વગેરેના પ્રયોગોથી છેવટે સિદ્ધિના સર્વોચ્ચ શિખરે પહોંચી જગદંબાનો સાક્ષાત્કાર પામ્યા.

'મા'સર્વેશ્વરી કહે છે તેમઃ 'શ્રી યોગેશ્વરનું જીવન એ સામાન્ય સાધકમાંથી સિદ્ધ યોગીમાં રૂપાંતર પામવાની આધ્યાત્મિક મંગલ કથા છે.'

સરોડાના એ નાનકડા બાળે પ્રવાસ શરૂ કર્યો. એ બાળ મટી બ્રહ્મચારી કહેવાયો. તેનો પ્રવાસ પુણ્યપ્રવાસ કહેવાયો. એ પુણ્યપ્રવાસો મહાયાત્રી બની એક ધન્ય ક્ષણે પૂર્ણયાત્રી કહેવાયો.'

વિશ્વના આધ્યાત્મિક ઈતિહાસમાં સંતોએ ઈશ્વરદર્શન કર્યાં હોય, વારંવાર કર્યા હોય એવાં ઉદાહરણ છે પણ ઈશ્વર સાથે સતત અનુસંધાન અને તે પણ 'મા' જગદંબાની સ્થૂળ શરીરરૂપે અવતરેલી શક્તિસ્વરૂપા 'મા' સર્વેશ્વરીની અહર્નિશ સંનિધિની અતિવિરલ

અનુભૂતિ શ્રી યોગેશ્વરે કરી એ અનન્ય ને અદ્‌ભુત હતી.

પોતે પૂર્વજન્મમાં શ્રી રામકૃષ્ણદેવ હતા એ જ્ઞાન શ્રીયોગેશ્વરને ઇ.સ.૧૯૪૪માં થયું અને પછી વરસો સુધી એ જ્ઞાન જુદી જુદી રીતે થતું ગયું. પણ આ હકીકત એમણે ૩૩ વર્ષ પછી પોતાની આત્મકથા **"પ્રકાશના પંથે"** માં પ્રકટ કરી, 'આ જ્ઞાન તો મને મારા લાભ માટે મળેલું છે. બીજા માને તેવો મારો આગ્રહ નથી.

શ્રી યોગેશ્વર ખરેખર એમના છેલ્લા શ્વાસ સુધી ઈશ્વરનું કામ પ્રવચન—કરતાં શાંત થઇ ગયા, પણ સમસ્ત જગત માટે 'પ્રકાશનો પંથ' પ્રભુપ્રાપ્તિનો રાહ નિર્દેશતા ગયા. ને તેમની જન્મભૂમિ સરોડાનું સદ્‌ભાગ્ય સમગ્ર અધ્યાત્મવિશ્વનું સદ્‌ભાગ્ય બની ગયું.

આમ શ્રી યોગેશ્વર અનન્ય, અનુપમ અદ્વિતીય સંત તો હતા જ, પણ એમની પૂર્ણસંનિધિમાં સંતત્વ પામનાર 'મા' સર્વેશ્વરી પણ એ પારસસ્પર્શે પારસ બની જઇ, લોકકલ્યાણ યજ્ઞમાં સતત સમિધસ્વરૂપે રહી, અનેક જીવોના લોઢાને સુવર્ણમાં પલટી રહ્યાં છે. ને પ્રતીતકરી રહ્યાં છેઃ 'મહાપુરુષોને મૃત્યુ હોતું નથી. એનો આજે અમે ક્ષણેક્ષણ અનુભવ કરી રહ્યાં છીએ. એ અમારી પીઠ થાબડી રહ્યા છે તેથી સાધનાપંથે કપરાં ચઢાણ ચઢી રહ્યાં છીએ. આ શરીરને ટકાવનાર પણ એ જ પરમ શક્તિ છે. લક્ષ્યપ્રાપ્તિ માટે ગમે તે ભોગ આપવા તૈયાર છીએ. નિરાશ ન થવાનો અમારો સંકલ્પ છે. જીવ શિવને પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તપની જરૂર છે. ત્યાર પછી પણ તપ તો ચાલુ જ રહેશે. પૂજ્યશ્રીએ જે



પાઠ આપ્યો છે તે યોગ્ય રૂપમાં ભજવાઇને રહેશે.'

એક પરમ સંતની સંપૂર્ણ પ્રતિકૃતિ 'મા' સર્વેશ્વરીરૂપે આ રીતે આપણે પ્રાપ્ત થઇ એ જગતને શ્રી યોગેશ્વરની અણમોલ દેન છે. બાકી સંતો ભાવિક ભક્તો, શિષ્યો, અનુયાયીઓને મંડળી તૈયાર કરે પણ સમકક્ષ, સમાન પોતાની બરોબરીના સંતને પ્રત્યક્ષ કરી, સ્વયં પરોક્ષ થઇ જનાર શ્રી યોગેશ્વર જેવા કેટલા? સાથે જ આપણે પરમ વંદનીય શ્રી યોગેશ્વરના બેવડા ઋણી છીએ. આંખું અધ્યાત્મવિશ્વ એમનું કૃતજ્ઞ રહેશે. વિરલ પરમ અધ્યાત્મવિભૂતિશ્રી યોગેશ્વરને યોગેશ્વરને પુનઃ પુનઃ કોટિ કોટિ પ્રણામ!

**(ફુલછાબના સૌજન્યથી)**

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# No matter how high the Divine exists

**Hemali Patel**

No matter how high the Divine exists, For His children He will bow down, Grasp our hand, and take us high." **–Maa Sarveshwari**

July 5th: Our "Make–up" Gurupurnima–Many of the children did nirjala (no water, no food for 24 hours and completed 1000 pranams! We also began preparing for a surprise natak (play) and dance for Maa.)

July 6th: The youth performed a play from "Steps to Eternity' (Prabhuji's Autobiography in English). The play reenacted several scenes from his time as manager at Devkibai's Dharmashala. Maa was very pleased with the youth's peformance, and added "This is the first time any of Prabhuji's life events have been performed in English." She further encouraged us by stating, "Write 108 more plays like this! After the play, the youth performed a patriotic dance Vande Mataram in which we offered pranams to Maa throughout the dance. Maa was so



pleased she stated, "Although the youth from Canada and America were not born in India, no one would be able to tell after viewing such a performance!""

Over the past two weeks, I have been really curious how to talk to God; but more so I have been intrigued by how God responds back to us. I read a small book by paramahansa Yoganada called **How You Can Talk With God.** The book states that God is moved by LOVE. If we pray with feeling or unconditional love, God will answer. The book also gives an example of a small child calling for his mother. The mother gives a toy to comfort the child, but the child refues to be comforted by a toy. The child continues to cry util his mother comes. In the same way, if we want to know God, we have to remember that Maa was constantly with us during the yatra as we received numerous phone calls throughout the day. On one Occasion, we were at a restaurant waiting for our food, and Maa called and told us to do garba while we waited! There are truly no limits to where or when to do garba! We have actually

done garba every night while being in Marberly. Maa has also given us ice cream prasad every night! Our yatra was coming to an end, but Maa was waiting for our arrival outside Nadubhavan with the bhaktas at Van Vishram. They were doing garba in front of the house, and some bhaktas were holding bowls with prasad. All of us young girls did garba to Maa and Prabhuji's bavani while the young boys played instruments and sang at the top of their lungs! After garba, Maa told the aunties to bring ice cream for everyone!

Thank you, For giving all of us opportunity to be a part of the youth yatra. We all hope you continue to be with us in the "yatra of life." We also can't wait for our next youth yatra next June in Alaska!

be like crying baby-be persistent and your only comfort is in God. IF you make up your mind to cry or keep praying until you can talk to God, you will eventually receive a response from God. After reading this book, I've been praying a few different prayers.

1. I have been asking to fully surrender to



MAA. Never have even the slightest doubt in a prayer.

2. Pass my Occupational Therapy board exam (I get my result in 3 days!)

3. Maa, always be with me, and make sure I offer everything I have to you.

On July 7, during the evening satsang I began to Pray in my head "Maa, help me pass my test. I'm completely surrendering to you. Guide me in the right direction I need to go." I look directly at Maa, and Maa looked at me and nodded. Tears began to fall down my face. I could just feel that she was listening to my thoughts. Maa truly knows everything, and she takes away any worries. Maa is my God, and I know she will always take care of me. Pranam, Maa.

On july 8. I decided I wanted to do my pranam facing Maa's room so I went outside. I had about 350 pranams left to do, and while in the silence of Mother Nature, I began to sing dhoons while doing pranam. I was simultaneously praying that Maa comes outside on her balcony for atleast a second before my last pranam. I had approximately 25 pranams left

and Maa came walking from the other house back to Nandubhavan. I had no idea that Maa was never in her room, but the one thing I did realize is that MAA listened to my prayer, and made it back before I completed my last pranam. Maa saw me doing pranams in the grass, and Maa peaked her sidways so I could see her. She smiled, and I couldn't help but smile back. My heart was filled with complete happiness and love. Maa is ALWAYS listening to me–no matter where she is–she can hear me, & she WILL answer back. Thank you, Maa. Pranam Maa.

I am so fortunate to have you in my life, and hope you continue to work through me, Maa. I hope to make you proud every day. I pray that I may become pure, positive, loving and forgiving like you. Thank you for allowing me to attend Van Vishram and the youth yatra. I Pray that you keep calling me to you, and that I may be able to continuously talk to you no matter where I am.

**Jai Krupalu Maa.**
**Pranam Maa.**
**Your child forever,**
**Hemali.**



# પ્રેરક પ્રસંગો

**–પ્રો. ધર્મેન્દ્ર માસ્તર, મધુરમ્**

## ૧. રેહાના તૈયબજી

પ્રખર દેશભક્ત ને રાષ્ટ્રીય કોંગ્રેસના માજી પ્રમુખ અબ્બાસ તૈયબજીને ત્યાં વર્તમાન સમયના અનોખા કૃષ્ણભક્ત, સૂફીસંત ને ગાંધીજીની આશ્રમપ્રણાલીની સાદાઇને વરેલા એવાં દીકરી રેહાનાનો જન્મ તા.૨૬ જાન્યુઆરી, ૧૯૦૧ના રોજ થયો હતો અને તા. ૨૭, મે ૧૯૭૫ના રોજ દિલ્હીમાં શ્રી કૃષ્ણ શરણ થયાં હતાં. તેમના મનમાં કોઇ કોમી ભેદભાવ ન હતો. જન્મથી જ તેમનામાં સંગીતના અનોખા સંસ્કાર એવા હતા કે જન્મ ટાણે તેમનું રુદન પણ સંગીતમય હતું ને બે વર્ષની તેમની વયે તો તેઓ ગીતકવિતા સંગીતની રીતે ગાતાં હતાં. એ પછી તો ગાંધીજીને ય તેઓ ભજનો સંભળાવતાં. તેમના મધુર કંઠે ગવાયેલાં ભજનો કવિવર ટાગોરને ય ઘણાં ગમ્યાં હતાં. તેઓ, વાંસળી પણ સરસ રીતે વગાડી શકતાં, ભગવાન શ્રીકૃષ્ણની ભગવદ્‌ગીતા ને વાંસળી તેમને અત્યંત પ્રિય હતાં. તેમણે વાંસળીના સૂર સાથે ગાયેલું ભક્ત કવિ નરસિંહ મહેતાનું પદ–

***આ રૂડી ને રઢિયાળી રે વહાલા તારી વાંસળી રે,***
***આ મીઠી ને મધુરી રે વહાલા તારી મોરલી રે.***

ગાંધીજી તથા કવિવર ટાગોરનેય ઘણું પ્રિય થઇ પડેલું. વળી, 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઇ' ભજન પણ તેઓ દર્દીલા કંઠે ગાતાં હતાં. શ્રીકૃષ્ણમય એવાં તેમની પાસે

ભગવાન શ્રીકૃષ્ણનો ફોટો સદાય રહેતો હતો. લોકો તેમને ''આધુનિક મીરાંબાઈ'' કહેતા હતા. તેમને મન ભગવાન શ્રીકૃષ્ણ ને ખુદા એક જ હતા. ને ગીતા તથા કુરાનમાં તે ભેદ ન જોતાં, ત્યારે તેઓ વડોદરામાં રહેતાં ને 'મીરાંબાઈ વડોદરા'નું સરનામું માત્ર કરેલું હોય તોય તે પત્રો તેમને મળી જતા. તેમણે અંગ્રેજીમાં પોતાની ૨૪ વર્ષની વયે લખેલ 'Heart of Gopi' નામક કાવ્યગ્રંથનો ગુજરાતી અનુવાદ સાક્ષરવર્ય બ. ક. ઠાકોરે ''ગોપીહૃદય'' નામથી કર્યો છે. તેઓ આજીવન અપરિણિત રહ્યાં હતાં. ઈ.સ.૧૯૨૧માં ભરાયેલા કૉંગ્રેસ અધિવેશનમાં તેમણે ગાયેલ ભજનગીતો સાંભળીને લોકો મુગ્ધ થયેલા. તેઓ નમ્રભાવે કહેતાં : ''મારામાં મીરાં જેટલું સમર્પણ, ત્યાગ ને ભક્તિ ક્યાં છે? ભજનો જ મારા ગુરુરૂપે છે. તે જ્યારે શબ્દરૂપે પ્રગટે છે ત્યારે હું લખું છું ખરી, પણ તેનો ભાવાર્થ હું પોતે પણ સમજતી નથી. કોઈ અશરીરી શક્તિ યા વ્યક્તિ મને માધ્યમ બનાવીને મારી પાસે લખાવી જાય છે. મારે મન સંગીત એ જ શ્રીકૃષ્ણ છે.''

### ૨. જ્યોતીન્દ્ર દવે

ગુજરીતી સાહિત્યના આંગળીને વેઢે ગણાય તેટલા નોંધપાત્ર હાસ્યલેખકોમાં જ્યોતીન્દ્ર દવે પાતળા સૂકલકડી, બકુલ ત્રીપાઠી ઠીંગણા બેઠી દડીના, વિનોદ ભટ્ટ કદાવર સ્થૂળ શરીરના. એક વાર તે પૈકીના નિર્દોષ હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવે નડીયાદની મહિલા કોલેજમાં વ્યાખ્યાન માટે ગયા હતા. તે વખતે કોઈકે તેમને પૂછ્યું: ''સાહેબ, તમે આટલું બધું બધાને હસાવો છો ને



બધાને આરોગ્ય બક્ષી વજન વધારી આપો છો, છતાંય આપનું વજન માત્ર ૩૦-૩૫ કિલો જેટલું જ કેમ ઓછું છે?''

જવાબમાં એમણે હસતાં હસતાં કહ્યું: ''જુઓ, મારી હસતી-રમતી આનંદી ને ઘરમાં કિલ્લોલ કરતી છોકરીને લોકો લઈ જાય, મારું ઘર તજી સાસરે જાય તો મને તો રડવું જ આવે ને? પછી હું દુબળો જ થઈ જાઉં ને?''

એટલે જ વિનોબાજીએ કહ્યું છે: ''હવા, પાણી ને ખોરાક સાથે હાસ્યની પણ જીવનમાં જરૂર છે. એ જીવનને ચેતનવંતુ બનાવે છે, લાંબું આયુષ્ય આપે તેવું એ ઔષધ છે ને તેનાથી શારીરિક, માનસિક ને આધ્યાત્મિક બળ મળે છે. પૈસા ખર્ચીને કદી આનંદ મેળવી શકાતો નથી. હાસ્ય માનવીને પ્રફુલ્લિત રાખે, સૌન્દર્ય આપે, ઉદાર ને પ્રેમાળ બનાવે ને સુખ—આનંદમાં રાખે છે. એ સામી વ્યક્તિને મહાત કરી દે છે ને વળી ચપળતા તથા બુદ્ધિય વિકસાવે છે.''

### ૩. શિક્ષણશાસ્ત્રી નાનાભાઈ ભટ્ટ

ભારત સ્વતંત્ર થતાં સૌરાષ્ટ્રનું એકમ થયાથી તેનું આગવું રાજ્ય નિર્માણ કરાયું ને ઢેબરભાઈ તેના મુખ્ય પ્રધાન થયા. સરદાર શ્રી વલ્લભાઈ પટેલના આગ્રહથી ચુસ્ત ગાંધીવાદી ને સિદ્ધાંતનિષ્ઠ શિક્ષણશાસ્ત્રી શ્રી નાનાભાઈ ભટ્ટ તે રાજ્યના શિક્ષણ અને આરોગ્યખાતાના પ્રધાન થયા.

એ દિવસે સરકારી કચેરીમાંથી શ્રી નાનાભાઈ ઉર્ફે નૃસિંહપ્રસાદ એમને રહેઠાણે ગયા ત્યારે તેના બારણા આગળ બે સિપાઈઓને ઊભેલા તેમણે દીઠા. એથી નવાઈ પામી તેમણે ત્યાં

ઊભા રહેવાનું કારણ પૂછ્યું. ત્યારે સિપાઇઓએ જણાવ્યું : 'તમે પ્રધાન થયા એટલે તમારી સલામતી માટે રક્ષકો તરીકે રોજ અમે અહીં આવીને તમારે રહેઠાણ ઊભા રહીશું''

એ સાંભળી નાનાભાઇએ સાફ કહી દીધું : ''મારે તમારી જરૂર નથી. તમે ચાલ્યા જાવ.''

આથી માનપૂર્વક સિપાઇઓએ તેમને જણાવ્યું : ''તમારાથી અમને રજા ન અપાય. મુખ્ય પ્રધાન ઢેબરભાઇ સાહેબે અમને મોકલ્યા છે. તમે એમની રજા મેળવો.''

એટલે બીજે દિવસે નાનાભાઇ ઢેબરભાઇ પાસે ગયા અને તેમણે કહ્યુ : ''મારે મારી સલામતી માટે રક્ષકો તરીકે સિપાઇઓની જરૂર નથી. તમે એમને પાછા બોલાવી લો.''

ત્યારે મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઇએ જણાવ્યું : ''મારાથી પણ એમને પાછા ન બોલાવી શકાય. કેમ કે પ્રધાનો માટે ચાલી આવેલી એ બંધારણીય સલામતી પરંપરા છે.''

આવી વાત સાંભળીને નાનાભાઇ સમજી ગયા કે સ્વતંત્ર ભારતમાં કંઇ ગાંધીબાપુનું આદર્શ સ્વરાજ નથી દેખાતું. આવી સરકારમાં પ્રધાન તરીકે રહીને હું પ્રજાનું શું કલ્યાણ કરી શકવાનો છું?

આમ વિચારી તેમણે પ્રધાનપદ તજી દીધું ને ફરી પાછા શિક્ષક થઇ ગયા.

બીજી એક વાર ભાવનગરની શામળદાસ કોલેજમાં મળેલો પ્રોફેસરનો હોદ્દો ય છોડીને તેમણે ત્યાંના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં મામૂલી પગારથી શિક્ષકનું સેવાકાર્ય સ્વીકાર્યું



હતું. ત્યારે કેટલાક શુભેચ્છાકોએ તેમના પરિવાર–નિર્વાહ બાબતમાં ચિંતા દર્શાવતા તેમને પૂછપરછ કરી હતી. એ વખતે તેમણે બેધડક જવાબ આપતાં કહેલું : ''ભાઇ! મારે ઘેર દૂઝણાં હતાં ક્યાં અને દૂધે વાળું કરતા હતા ક્યાં? હું લોટ માગું બ્રાહ્મણનો છોકરો. કાલ સવારે કોલેજમાં પેઠો તેથી શું? મારી વિદ્યા હું સમાજમાં ગરીબ એવા વિદ્યાર્થીને ન આપી શકું તો એ વિદ્યા મારે શા કામની?''

એ પછીય દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની જૂની પ્રતિષ્ઠિત ને પાંગરેલી વિદ્યાસંસ્થા છોડીને તેઓ આંબલા ગામની શિક્ષણસંસ્થામાં ગ્રામસેવા કરવાના આશયથી જોડાયા ને સ્વેચ્છા પૂર્વકની ગરીબાઇ ગૌરવથી તેમણે અપનાવી. તે વખતે કોઇએ પૂછતાં તેમણે ઉદ્‌ગાર કાઢ્યા હતા : ''જુઓ, સાદું અને સંસ્કારી બ્રાહ્મણજીવન જીવવાના મને કોડ. મને ગરીબાઇથી કોઇ પણ દિવસ હીણપત લાગતી નથી. હજી તો કાલ સવારે મારા પિતા કેટલી ગરીબાઇથી અમારા ઘરનો કારભાર ચલાવતા હતા. એવા ગરીબ છતાં સંસ્કારી જીવનમાં મને વધારે રસ.''

એવી સ્વેચ્છાપૂર્વકની ગરીબાઇમાં ગૌરવ માની જીવન વ્યતીત કરવાનું વલણ તો એમને વારસામાં મળ્યું હતું. એમના પ્રપિતામહ ત્રિકમબાપા સમર્થ પુરુષ ને રાજવૈદ્ય હતા ને લોકસેવાને વરેલા હતા. શ્રીમંત વેપારીથી માંડીને ગરીબ માણસ સુધી સૌની સેવા તેઓ રાતી પાઇ પણ લીધા વિના સેવાભાવે કરતા હતા.

એક વાર એમને ભાવનગરના શ્રાવક શેઠિયાઓ તેમના કોઇ પૂજ્ય મુનિની દવા કરવા માટે પરગામ લઇ ગયા હતા.

એમની અક્સીર દવાથી એ મુનિ સાજા ને સારા થઇ ગયા. એટલે એ ભક્ત—શેઠિયાઓએ એમની આનાકાની છતાં તેમનાં હાથમાં સોનાનાં બે કડાં પહેરાવ્યાં. એટલે પરગામથી ભાવનગર પાછા આવીને તેઓ ઘેર જવાને બદલે બારોબાર નીલકંઠ મહાદેવના મંદિરે ગયા ને પોતાને પહેવેલાં એ સુવર્ણ કડાં મહાદેવજીનાં ચરણોમાં ભેટ તરીકે તેમણે મૂકી દીધાં.

એ જ રીતે બીજી એક વાર તેમની સેવા ભાવનગરના રાજકુટુંબે લીધી હતી. દવા માટે એ કશું ય લેતા નથી એમ જાણતા છતાં ભાવનગર નરેશે તેમનો જીવનવ્યવહાર સદા સુખમય ચાલે એ હેતુથી થોડાં ખેતરોનું તેમને દાન આપતો દસ્તાવેજ તેમને મોકલાવ્યો. ત્યારે તે પાછો સોંપ્યો ને કહ્યું : ''તમારે મારાં છોકરાંને બ્રાહ્મણ નથી રહેવાં દેવાં? મારે વળી ખેતર શાં ને પાદર શાં? તમે મને વટલાવવા માંગો છો?'' આમ કહી આંખમાં આંસુ સાથે તેમણે તે દસ્તાવેજ મહારજાને પાછો સોંપી દીધો.

આવા ઉત્તમ નીતિમયજીવનમૂલ્યો વારસામાં મેળવનાર નાનાભાઇ જીવનમાં આખરી મુશ્કેલ વર્ષોમાં ભાવનગર મહારાજા તેમને રૂબરૂ મળવા ગયા અને તેમની ગૌશાળાને મદદરૂપ થવાની ભાવના દર્શાવતાં તેમણે કેલું : ''જુઓ, નાનાભાઇ, આપની જે ઇચ્છા હોય તે કહો, મારે તે પૂરી કરવી છે. મારો એ ધર્મ. એટલે જ ખાસ તમને મળવા આવ્યો છું. કહો, ગૌશાળાનું કાંઇ વિશેષ કરવાનું છે?''

ત્યારે ઘડીભર મહારાજા તરફ જોઇને નાનાભાઇ બોલ્યા હતા : ''મહારાજા સાહેબ, હું ગરીબ બ્રાહ્મણનો પુત્ર, આપના



રાજ્યમાં જિંદગી આખી ગાળી સુખી થયો છું. એ ને આટલી લીલી વાડીઓ થઇ. આથી વધું શું મળે તેમ ઇચ્છું? આપના રાજ્યમાં મારા જેવા એકેએક ગરીબને આવું સુખ પ્રાપ્ત થાય એવા આશીર્વાદ આપો, મહારાજ! એ જ મારી ઇચ્છા.'' એટલું કહેતાં તો તેમની આંખમાં આંસુ ઊભરાઇ આવ્યાં. આવા સાત્ત્વિક વૃત્તિના નર્યા શિક્ષણધર્મી ચુસ્ત ગાંધીવાદી આદર્શવાળા નાનાભાઇની ઉચ્ચ ભાવના જોઇ મહારાજાની આંખમાં ય આંસુ છલકાયાં ને તેઓ તેમને વંદન કરી રહ્યા.

**જે જોઇએ તે મેળવીને જંપવું, એ કદાચ સફળ માણસની નિશાની છે, પણ જે મળ્યું હોય એમાં હસતો ચહેરો રાખી જીવવું, એ સુખી માણસની નિશાની છે.**

**વિચાર જ્યારે આચારમાં દૃઢ બની જાય છે ત્યારે તેને સંસ્કાર કહેવામાં આવે છે.**

**જેવી રીતે ફૂલમાં સુગંધ, તલમાં તેલ, લાકડામાં અગ્નિ, દુધમાં ઘી, અને શેરડીમાં ગોળ નિરાકાર રૂપથી વ્યાપ્ત છે તે જ પ્રકારે સગુણ શરીરમાં આત્મા વ્યાપ્ત છે.**
**(વશિષ્ઠજી)**

# યોગાસનો (૩)

(ગતાંકથી ચાલુ) —હરિદાસ મૂળજી નિર્મળ

## પશ્ચિમોતાસન




આસનોમાં આ આસન શ્રેષ્ઠ આસન છે. આ આસનમાં બન્ને પગ લાંબા કરી પગનાં સાથળ ધૂંટણ અને પંજા એક બીજાને અડેલા રહે તેવી રીતે રાખો. પગનાં આંગળાં ધૂંટણ તરફ નમાવો. પછી બન્ને હાથ ઉંચા કરી શ્વાસ લો અને નીચે તરફ આવો. બન્ને હાથથી પગનાં કોણી ઘુંટણની પાસે જમીનને અડકાડો.

**ફાયદા :**

આ આસનના નિયમીત અભ્યાસથી શારીરિક, માનસિક, વિકારો નાશ થાય છે. મંદાગ્નિ, ઉદરરોગ, કૃમિ વિકાર, મુત્રરોગ, મધુપ્રમેહ પગના રોગો, એપેન્ડિક્સ, સાઇટીક અનિંદ્રા, ગર્ભાશય વગેરેના રોગો દૂર થાય છે.



## ભુજંગાસન




ઉપરોક્ત ચાર આસનો જમીન પર ચતા સુઇને કર્યાં. હવે જમીન પર ઊંધા સુઇને આસન કરવાના છે. તેમાં પ્રથમ ભુજંગાસન આવે છે. ભુજંગ એટલે સર્પ. તેને સર્પાસન પણ કહી શકાય. ઉંધા સુઇ બન્ને પગ અને પંજા પરસ્પર મળેલા રહે તેવી રીતે જમીનને અડેલાં રાખો. બન્ને હાથ છાતીની પાસે રાખો. કપાળ જમીનને અડેલું રાખવાનું ડોક—મસ્તક ઉપર લઇ પાછળની બાજુ વાળી ધીરે ધીરે શ્વાસ લઇ માથું અને છાતી બને તેટલાં વાળવાનાં. નાભિ જમીનને અડેલી રહે. ઉપર ગયા બાદ શ્વાસ રોકી રાખો. થોડો સમય ઉપરોક્ત પરિસ્થિતિમાં રહી— ત્યારબાદ ધીરે ધીરે નીચે આવો. આવ્યા બાદ ધીમેથી શ્વાસ છોડો.

**ફાયદાઃ**

આ આસન નિયમીત કરવાથી જઢરાગ્નિ પ્રદીપ્ત થાય છે. પેટના રોગો દૂર થાય છે. ગર્ભાશયનાં રોગો દુર થાય છે. માસીક

ધર્મ સંબંધી ફરિયાદો રહેતી નથી. વાયુ. એસીડીટી જેવા રોગો દૂર થાય છે. કરોડરજ્જુ સ્થિતિસ્થાપક થાય છે. કરોડરજ્જુના રોગો નાશ થાય છે.

### સલભાસન



ભૂજંગાસનની જેમ ઉંધા સુવાનું દાઢી જમીનને અડેલી રાખવાની, પગની પરિસ્થિતિ ભૂજંગાસનની જેમ જ બન્ને હાથની મૂઠીવાળી હાથ સાથળની નીચે રાખવાનાં, શ્વાસ લઈને કમ્મરેથી બન્ને પગ ઉંચા કરવાનાં, બન્ને પગ સીધા રહેવા જોઈએ.

**ફાયદા**

કમ્મરનાં રોગો દૂર થાય છે. પગની કળતર વગેરે દૂર થાય છે. પાચન શક્તિ વધે છે. કરોડરજ્જુ સ્થિતિસ્થાપક બને છે.



### ધનુરાસન



ભૂજંગાસન અને સલભાસન બન્ને આસનોના લાભ આ એક આસનમાં લઈ શકાય. ઉંધા સુઈ જવાનું. બન્ને પગને બન્ને હાથથી પકડવાના, હાથ અને પગને ધીરે ધીરે ઉપર તરફ ખેંચવાના— મસ્તકને બને તેટલું પાછળ તરફ વાળવાનું, દૃષ્ટિ ઉપર અને પાછળ તરફ રહેવી જોઈએ, માત્ર પેટ ઉપર રહેવા પ્રયત્ન કરો. અર્થાત આગળથી છાતીનો ભાગ અને પાછળથી પગ ઉંચા થવા જોઈએ અને આખા શરીરનો ભાર માત્ર નાભિપ્રદેશ ઉપર જ રહેશે. શ્વાસ રોકી રાખવાનો. આ આસન શરૂઆતમાં થોડી સેંકડ કરો. ધીમે ધીમે સમય વધારતાં જાઓ.

**ફાયદા**

પેટની ચરબી ઘટે છે. વાયુ અને કબજીયાતના રોગો દૂર થાય છે. ગળાના રોગો મટે છે. આંખોની રોશની વધે છે. પેટના તમામ રોગો દૂર થાય છે. હૃદય મજબૂત બને છે પેટનાં સ્નાયુઓ ખેંચાવાથી પેટને સારો લાભ મળે છે. જઠરાગ્નિ સતેજ બને છે. પાચનશક્તિ વધે છે. બહેનો માટે આ આસન ખૂબ જ લાભકર્તા છે. ગર્ભાશયના તમામ રોગો તથા માસીક ધર્મનાં વિકારો આ આસનની નિયમિત પ્રેકટીશથી દૂર થાય છે.

(ક્રમશઃ)

# યોગી બ્રહ્મની મુલાકાત(૬)

(ગતાંકથી ચાલુ) —પૉલ બ્રન્ટન

મારા અવ્યક્ત વિચારનો ઉત્તર આપતા હોય તેમ બ્રહ્મે કહેવા માંડ્યું :

‘મારા ગુરુદેવ જે કરી શકે છે તેની સાથે સરખાવતાં આની વિસાત કશી જ નથી. એમની એકાદી ધોરી નસને તોડી નાખીએ તોપણ તે પોતાના લોહીનો પ્રવાહ ચાલુ રાખી શકે છે, એ પ્રવાહને એ બંધ પણ કરી શકે છે. મારા લોહીને કંઇક અંશે કાબૂમાં લાવવાની શક્તિ મને પણ સાંપડી છે ખરી, પરંતુ એટલો બધો સંયમ મારાથી નથી થઇ શકતો.’

‘એ કાર્યોનું પ્રદર્શન કરી શકશો?’

એમણે મને પોતાનું કાંડું પકડી રાખવાની અને ત્યાંની નસમાંથી વહેતા લોહીપ્રવાહનો અનુભવ કરવાની વિનંતી કરી. મેં એમની વિનંતીનો સ્વીકાર કર્યો.

બે કે ત્રણ મિનિટમાં તો મારા અંગૂઠાની નીચે પેદા થતો ધ્વનિ મંદ પડવા માંડ્યો. થોડીવારમાં એ ધ્વનિ તદ્દન બંધ પડી ગયો. બ્રહ્મે પોતાની નાડીના ધબકારાને શાંત કરી દીધા.

એમની નાડીનો લોહીપ્રવાહ ફરી ચાલુ થાય તે માટે મેં ભારે ઉત્સુકતાપૂર્વક રાહ જોવા માંડી. એક મિનિટ સુધી કાંઇ જ ન બન્યું. બીજી મિનિટ પણ, પ્રત્યેક સેકંડનું બરાબર ધ્યાન રાખ્યું તોપણ ઘડિયાળ પરથી પસાર થઇ ગઇ. ત્રીજી મિનિટ અડધી પૂરી થવા આવી ત્યારે નસની અંદરની પ્રવૃત્તિ આછીપાતળી શરૂ થઇ એવું લાગવા માંડ્યું. મારી મૂંઝવણ દૂર થઇ. થોડા વખતમાં



તો નાડીના ધબકારા પહેલાંની પેઠે શરૂ થયા..

‘કેટલું બધું આશ્ચર્યકારક!’ મેં આકસ્મિક ઉદ્‌ગાર કાઢ્યો.

‘એ તો કશું જ નથી.’ એમણે નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો.

‘આજનો દિવસ અવનવા પ્રયોગોનો દિવસ લાગે છે. તમે બીજો પ્રયોગ નહીં કરી બતાવો?’

બ્રહ્મ જરા ખચકાયા.

વિચારમાં લીન બનીને જમીન પર જોઇ રહ્યા પછી એમણે જાહેર કર્યું :

‘હવે હું શ્વાસ બંધ કરી દઇશ.’

‘પરંતુ એ દશામાં તમારું મૃત્યુ થશે.’ મેં અસ્વસ્થ બનીને બોલી નાખ્યું.

મારા ઉદ્‌ગારોની ઉપેક્ષા કરતાં એ હસવા લાગ્યા.

‘તમારો હાથ મારા નાકની નીચે રાખી મૂકો.’

મેં તરત જ એમના આદેશનું પાલન કર્યું. એમણે બહાર કાઢેલી ગરમ હવા મારા હાથની ચામડીને અવારનવાર અડવા લાગી. બ્રહ્મે આંખ બંધ કરી. એમનું શરીર સ્થિર મૂર્તિ જેવું બની ગયું. એમણે જાણે કે સમાધિમાં પ્રવેશ કર્યો. મારા હાથનો પાછલો ભાગ એમના નાક નીચે અડાડી રાખીને હું બેસી રહ્યો. કબરની કોઇ મૂર્તિની જેમ એ શાંત અને લાગણીહીન બની ગયા. ખૂબ જ ધીમેથી છતાં ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક એમના શ્વાસની ગતિ મંદ પડવા લાગી. આખરે એ એકદમ બંધ પડી ગઇ.

મેં એમના નાક અને હોઠનું નિરીક્ષણ કર્યું, એમના ખભા

તથા છાતીની તપાસ કરી, પરંતુ ક્યાંય પણ શ્વાસોશ્વાસની બહારની નિશાની ન દેખાઇ. મને ખબર હતી કે એ પરીક્ષા પૂરતી નથી. વધારે ઊંડી પરીક્ષા કરવાની મારી ઇચ્છા હતી. પરંતુ એ પરીક્ષા કેવી રીતે કરવી? મારું મગજ ઝડપથી કામ કરવા માંડ્યું.

ઓરડામાં ક્યાંય અરીસો નહોતો, પરંતુ ત્યાં પડેલી પિત્તળની નાની ઊજળી રકાબી એનું કામ કરી શકે એમ હતી. એ રકાબી મેં એમના નાક તથા હોઠ આગળ થોડોક વખત પકડી રાખી. એના ચળકાટને કોઇ પણ પ્રકારના ભેજની કે કશાની અસર ન થઇ. એક શાંત પરંપરાગત શહેરની પાસેના આ શાંત જૂનાપુરાણા ઘરમાં, પશ્ચિમના વિજ્ઞાનને એની ઇચ્છાની વિરુદ્ધ એક દિવસ જેનો સ્વીકાર કરવા માટે બાધ્ય બનવું પડશે એવી કશીક મહત્ત્વની વસ્તુ સાથે મારો સંબંધ બંધાયો છે એમ માનવાનું મને અશક્ય લાગ્યું. પરંતુ મારી સાથે પાકો પુરાવો પડ્યો હતો. યોગ કિંમત વિનાની કપોલકલ્પિત વાતો કરતાં ખરેખર કાંઇક વધારે છે.

બ્રહ્મ આખરે સમાધિ જેવી દશામાંથી બહાર આવ્યા ત્યારે થોડાક શ્રમિત લાગ્યા.

'તમને સંતોષ થયો?' પરિશ્રમભરેલા સ્મિત સાથે એમણે પ્રશ્ન કર્યો.

'મને સંતોષ કરતાં વધારે મળ્યું છે. પરંતુ તમે આવું કેવી રીતે કરી શકો છો તે મને નથી સમજાતું.'

'એનું સ્પષ્ટીકરણ કરવાની મને મના કરવામાં આવી છે. યોગના અભ્યાસમાં આગળ વધતાં પ્રાણનો સંયમ કરવાનું



શીખવવામાં આવે છે. ગોરા લોકોને એ માટે મહેનત કરવાનું મૂર્ખતાભર્યું લાગવા સંભવ છે, પણ અમારે મન એની અગત્ય ઘણી મોટી છે.'

'પરંતુ અમને તો હંમેશા શીખવવામાં આવે છે કે શ્વાસોશ્વાસ વિના કોઇ જીવી શકે જ નહીં. એ વિચાર શું મૂર્ખતાભરેલો છે?'

'એ વિચાર મૂર્ખતાભરેલો નથી, છતાં સાચો પણ નથી. મારી મરજી હોય તો મારો શ્વાસ હું બે કલાક સુધી રોકી શકું છું. મેં એવું અનેક વાર કર્યું છે છતાં હું હજી જીવતો છું.' બ્રહ્મે સ્મિત કર્યું.

'હું મૂંઝાઇ રહ્યો છું. તમને બધું સમજાવવાની રજા ન હોય તો પણ, તમારા પ્રયોગ પાછળના સિદ્ધાંત પર થોડોક પ્રકાશ પાડી શકશો?'

'જુઓ ત્યારે, કેટલાંક પશુઓનું નિરીક્ષણ કરવાથી આપણને પાઠ મળે છે. શિક્ષણ કે બોધપાઠ આપવા માટેની મારા ગુરુદેવની એ પ્રિય પદ્ધતિ છે. વાંદરા કરતાં હાથી ખૂબ ધીમેથી શ્વાસ લે છે, તોપણ તે વધારે જીવે છે. કેટલાંક મોટા સાપ કૂતરાં કરતાં છેક જ ધીમેથી શ્વાસ લે છે તોપણ ઘણું વધારે જીવે છે. એવી રીતે પશુઓ બતાવે છે કે ધીમા શ્વાસથી આયુષ્યમાં વધારો થઇ શકે છે. જો એટલી વાત સમજાઇ ગઇ હોત તો આગળની વાત સમજતાં વાર નહીં લાગે. હિમાલયમાં શિયાળા દરમ્યાન ઊંઘનારાં ચામાચીડિયાં હોય છે. તે પર્વતોની ગુફાઓમાં અઠવાડિયાં સુધી લટકે છે તોપણ ફરીથી ન જાગે ત્યાં સુધી એકે શ્વાસ નથી લેતાં. હિમાલયનાં રીંછ પણ કેટલીક વાર શિયાળાની

ઋતુમાં ગાઢ નિદ્રામાં ડૂબી જાય છે. એમનાં શરીર પરથી જોતાં અચેતન બની જાય છે. હિમાલયની ઊંડી ગુફાઓમાં, એક જાતની શાહૂડી શિયાળામાં ખોરાક નથી મળતો ત્યારે મહિનાઓ સુધી ઊંઘી જાય છે. તે દરમિયાન શ્વાસક્રિયા બંધ થઈ જાય છે. એ પ્રાણીઓ કેટલાક વખત સુધી શ્વાસ રોકાયા છતાં જો જીવી શકતાં હોય તો મનુષ્યો એવું શા માટે ના કરી શકે?'

વિચિત્ર તથ્યોવાળું એમનું નિવેદન રસિક હતું પરંતુ એમના પ્રયોગો જેટલું ખાતરીવાળું ન હતું. થોડીક મિનિટોની માહિતી પરથી જીવનની પ્રત્યેક પરિસ્થિતિમાં શ્વાસ લેવાની ક્રિયા જરૂરી છે એ સામાન્ય ખ્યાલ કાંઇ ફગાવી દઇ શકાય નહીં.

'શ્વાસ ન ચાલે ત્યાં સુધી શરીરમાં જીવન કેવી રીતે ચાલુ રહી શકે એ સમજવાનું અમારી પશ્ચિમી પ્રજા માટે સદાયે મુશ્કેલ થઇ પડશે.'

'જીવન સદાય ચાલુ રહે છે.' એમણે ભારપૂર્વક ઉત્તર આપ્યો : 'મરણ તો માત્ર શરીરનો સ્વભાવ છે.'

'પરંતુ એનો અર્થ સાચેસાચ એવો તો નહીં જ કરવા માગતા હો કે મૃત્યુને જીતવાનું શક્ય છે?' મેં અતિશ્રદ્ધાથી પ્રેરિત થયા વિના પૂછ્યું.

બ્રહ્મે મારી તરફ સૂચક દૃષ્ટિપાત કર્યો.

'શા માટે નહીં?' એટલું કહીને એ અટકી ગયા. એમની આંખ માયાળુતાથી મારું નિરીક્ષણ કરવા લાગી.

'મારામાં કેટલીક શક્યતાઓ હોવાથી, અમારાં પ્રાચીન રહસ્યોમાંથી તમારી આગળ એક ખુલ્લું કરીશ. પરંતુ તે પહેલાં તમારે એક શરત કબૂલ કરવી પડશે.'



'કઇ શરત?'

'મારા તરફથી પાછળથી શીખવવામાં આવે તે સિવાયની પ્રાણાયામની કોઇ પણ ક્રિયા તમે પ્રયોગને ખાતર નહીં કરો.'

'કબૂલ છે.'

'તો પછી તમારું વચન પાળવાનું ધ્યાન રાખજો. અત્યાર સુધીમાં તમે એવું માનતા આવ્યા છો કે શ્વાસ લેવાનું તદ્દન બંધ થાય એટલે મૃત્યુ થાય છે?'

'હા.'

'તો પછી એમ માનવું પણ શું તર્કસંગત નથી કે શરીરની અંદર શ્વાસને સંપૂર્ણપણે રોકી રાખવાથી, જ્યાં સુધી શ્વાસ રોકાઇને રહે ત્યાં સુધી જીવન ચાલુ જ રહે છે?'

'ઠીક.'

'એથી વધારે દાવો અમે નથી કરતા. અમારું કહેવું એટલું જ છે કે પોતાના શ્વાસને ઇચ્છાનુસાર રોકી રાખનાર પ્રાણાયામમાં પારંગત થયેલો પુરુષ એની મદદથી પોતાના જીવનપ્રવાહને સાચવી રાખે છે એ વાત સમજી શકો છો?'

'સમજી શકું છું.'

'તો પછી એક સિદ્ધ યોગી જે કેવળ કુતૂહલને ખાતર થોડીક મિનિટ સુધી જ નહીં, પરંતુ અઠવાડિયાં, મહિના ને વરસો સુધી પ્રાણવાયુને રોકી શકે છે તેની કલ્પના કરો. તમે પોતે જ સ્વીકારો કે પ્રાણ હોય ત્યાં જીવન પણ હોવું જોઇએ. તો પછી માણસને માટે દીર્ઘાયુ થવાની સંભાવના કેટલી મોટી છે તે તમે નાથી જોઇ શકતા?' (ક્રમશ:)

# સ્વામી કૃષ્ણપ્રેમના પત્રો

—દિલિપકુમાર રોય

**તા. ૩૧—૧૨—૩૨ના રોજ આલમોડાથી શ્રી દિલીપકુમાર પર લખાયેલો**

**શ્રદ્ધાપાત્ર એકમાત્ર આપ્તવચન છે**

તું પૂછે છે કે હું કદી શંકાશીલ બનેલો કે નહીં? હા, પણ હવે એ ભય નથી. વખત જતાં મારી શંકાઓનું મૂળ મને સમજાયું કે હું ઇચ્છતો હતો તે પ્રમાણે બધું નહોતું બનતું, તેથી મને શંકાઓ થતી હતી. મારી ઇચ્છા પ્રમાણે બધું બનવું જોઇએ એમ માનતો હું બંધ થયો, તે ઘડીથી મારી શંકાઓ અદૃશ્ય થઇ ગઇ. આનો અર્થ એવો નથી કે મારી ઇચ્છા પ્રમાણે કશું બને એવી ધારણાથી હું એકદમ પર બની ગયો છું. મારું કહેવાનું માત્ર એટલું છે કે શ્રદ્ધાની પૂર્વશરત તરીકે અમુક તમુક હોવું જોઇએ એવું માનવાનું મેં છોડી દીધું છે. એ ઘડીથી મને કોઇ ગંભીર ચિંતા થતી નથી. હું એમ માનું છું કે આપણી મરજી પ્રમાણે બધું બને એવી ઇચ્છા આપણી બધી શંકાઓનું મૂળ કારણ છે. મારી પોતાની હાલત આવી છે : એ તો જાણીતી વાત છે કે પ્રમાણ ત્રણ જાતનાં છે : પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ (એટલે કે આપ્તવચન). હવે સામાન્ય અભિપ્રાય એમ માનીને ચાલે છે કે પ્રત્યક્ષ જ સૌથી વધારે વિશ્વાસપાત્ર છે—કહે છે ને કે 'નજરે દેખાય તે સાચું!'—એ પછી આવે અનુમાનનું સ્થાન અને છેલ્લે આવે આપ્તવચન. આ દૃષ્ટિબિંદુએ ચાલ્યા, તો આપણે છેક રસેલની વિચારસરણીએ પહોંચી જશું. પરંતુ તમામ પ્રાચીન



ઋષિમુનિઓએ આનાથી જુદો જ માર્ગ લીધો છે. તેઓ બધા એક થઇ કહે છે કે આપણી ઇન્દ્રિયો ભૂલને પાત્ર છે, એટલે પ્રત્યક્ષ પ્રમાણ સદોષ છે. અનુમાન પ્રત્યક્ષ ઉપર આધાર રાખતું હોઇ એ પણ એવું જ ભૂલને પાત્ર છે. શ્રદ્ધાપાત્ર એકમાત્ર આપ્તવચન છે. આપ્તવચન એટલે ગુરુવાક્ય કે શાસ્ત્ર—બંને મૂળધર્મે એક જ છે. એટલે ઋષિમુનિઓએ પ્રમાણનો ક્રમ ઊંધો કરી નાખ્યો. એમ કરવાથી તેઓ આધ્યાત્મિક અનુભવ અને પરમાત્માના સાક્ષાત્કાર સુધી પહોંચ્યા. એટલે મારી એવી માન્યતા છે કે જો સાચું પરિણામ પ્રાપ્ત કરવું હોય તો માણસે કોઇ પણ ભોગે સાચા છેડાથી જ શરૂઆત કરવી જોઇએ. દુનિયા જેવી દેખાય છે તેવી જ છે એ મૂર્ખાઇ ભરેલી માન્યતા તો છોડી જ દેવી જોઇએ. દુનિયા જેવી દેખાય છે તેવી નથી. આપણે એ વાત જેટલી વહેલી સમજીએ એટલું સારું! એટલે હું તને પૂછું છું કે શા સારુ તું રસેલનું વાજું વગાડ્યા કરે છે? હું કબૂલ કરું છું કે ઘણી બાબતમાં એ બહુ સારો માણસ છે, એની પોતાની રીતે એ સારો વિચારક છે, પરંતુ એની શંકાખોર દલીલોનો તારા ગુરુદેવ કે બીજું કોઇ જવાબ આપે એવી તું શા માટે આશા રાખે છે? તું જો રસેલનો પૂર્વપક્ષ સ્વીકારે, તો તારે એ જે નિર્ણયો પર આવે છે તે જ નિર્ણયો પર આવવું પડશે. પણ એનો પૂર્વપક્ષ સ્વીકારીને ચાલવાની તારે જરૂર શું? એ કંઇ કાચો અધકચરો વિચારક નથી કે એનો પૂર્વપક્ષ સ્વીકારીને એના નિર્ણયોને તું ખોટા સાબિત કરી શકે. એથી ઊલટું છે. લિફ્ટમાં પગ મૂક્યો તો એ તને આપોઆપ ઉપાડીને ટોચે લઇ જશે. એટલે મારું કહેવું છે કે લિફ્ટ ખોટી દિશાએ જાય છે એવું તું નજરે જુએ છે, તો એમાં

પગ મૂકવાનું ટાળ!

શાસ્ત્ર સાચું છે એમ કેવી રીતે જાણવું? ગ્રાન્ડ ટ્રંક રોડ દિલ્હી જાય છે એમ આપણે કેવી રીતે જાણીએ છીએ? હજારો લાખો માણસો એ રસ્તે ગયા છે ને દિલ્હી પહોંચ્યા છે એ પરથી આપણે એ જાણીએ છીએ. તેવી રીતે કંઇ કેટલાયે શાસ્ત્રવચન માનીને પરમ લક્ષ્યને પહોંચ્યા છે, પણ રસેલ–માર્ગે ચાલીને એક પણ માણસ ઈશ્વરને પહોંચ્યાનું કદી જાણ્યું છે? ફળ પરથી વૃક્ષની પરખ થાય. કેવળ ઇન્દ્રિયગમ્ય પ્રમાણનો આશ્રય લઇને કોઇ હજી ઈશ્વરને પામ્યું નથી.

**શ્રી કૃષ્ણનો સાક્ષાત અનુભવ થઈ શકે છે**

તેં બીજો પ્રશ્ન શ્રી કૃષ્ણ વિષે પૂછ્યો છે. મને પોતાને સંપૂર્ણ શ્રદ્ધા છે કે **શ્રી કૃષ્ણનો સાક્ષાત અનુભવ થઈ શકે છે.** મેં પહેલાં કહેલું તેમ, શ્રી કૃષ્ણ કાલ્પનિક રૂપ નથી કે કેવળ ભાવરૂપ નથી, એ પરમ પ્રત્યક્ષ છે, પ્રત્યક્ષમાં પ્રત્યક્ષ છે. એ સત્યસ્વરૂપ છે જેના આધારે સર્વ કાંઇ છે. નિર્વિશેષ બ્રહ્મનો અનુભવ થાય જ નહીં એવું હું નથી કહેતો, પણ હું તો કહું છું કે નિર્વિશેષ બ્રહ્મને જોવો એ સૂર્યપ્રકાશને જોવા જેવું છે, જ્યારે કૃષ્ણને જોવો એ ખુદ સૂર્યને જોવા જેવું છે.

**કૃષ્ણનાં ચરણ મારા–તારા પગ કરતાં વધારે સાચાં છે!**

હું તારી વાત સાથે સંમત છું કે કોઇ અવ્યક્ત આનંદ કરતાં શ્રી કૃષ્ણનો પ્રેમ ઘણો જ વધારે સંતોષપ્રદ છે અને જે એક વાર આવા પ્રેમની ઇચ્છા કરવાની કક્ષાએ પણ પહોંચ્યો છે, તેને એનાથી ઓછે કદી સંતોષ નહીં થાય. પરંતુ બીજી તરફ મને એવું પણ લાગે છે કે આપણે એની પાસે કોઇ માગણી નહીં



કરવી જોઇએ કે આપણા પ્રેમના સ્વીકાર લેખે એણે આપણને દર્શન દેવાં જોઇએ. એ વિષે કોઇ શંકા નથી જ કે એ બેઉ કામ એ કરી શકે છે અને કરે જ છે અને તેય માણસ જેવા નક્કર રૂપમાં. પરંતુ મને લાગે છે કે માણસે એ સંપૂર્ણપણે એની જ ઇચ્છા ઉપર છોડી દેવું જોઇએ અને–એની જ ઇચ્છા પ્રમાણે–કોઇ પણ જાતના બદલાની, કે દર્શનની ઝાંખીની પણ આશા વગર પૂર્ણ સંતોષથી એના પર પ્રેમ કરવો જોઇએ. એવું ન કરીએ ત્યાં સુધી આપણો પ્રેમ સ્વાર્થથી ખરડાયેલો છે એમ સમજવું. ગોપી–પ્રેમ એટલે કૃષ્ણને માણવાની ઇચ્છા નહીં, પણ કૃષ્ણની સેવા કરવાની ઇચ્છા, કૃષ્ણ પોતાને માણે એવી ઇચ્છા! ભક્તે કોઇ માગણી કરવી જ નહીં જોઇએ, સોદો નામે નહીં! પણ આની સાથે સાથે મારે એ સ્પષ્ટ કરવું જોઇશે કે આનો અર્થ એવો નથી કે, કૃષ્ણનો પ્રેમ ઓછી મહેનતે નિઃસ્વાર્થતાની હાલત સિદ્ધ કરવાનું કેવળ સાધન છે. અને એક વાર એ હાલત સિદ્ધ થઇ, પછી વ્યક્ત રૂપે સાકાર કૃષ્ણની જરૂર રહેતી નથી. હકીકત આથી ઊલટી છે. નિઃસ્વાર્થતા કૃષ્ણને પામવાનું સાધન છે, અને વખત થતાં કૃષ્ણ એના ભક્તના પ્રેમનો સ્વીકાર કરે જ છે– આપણે કલ્પીએ એના કરતાંયે વધારે સાચા રૂપમાં ને આકારમાં! તારા શબ્દોમાં કહું તો 'કીકી પર સૂર્યપ્રકાશ' કરતાંયે કૃષ્ણ વધારે પ્રત્યક્ષ છે. આધ્યાત્મિક વાસ્તવને આપણે ધૂંધળું અને બિનમહત્ત્વનું માનવા એવા ટેવાયા છીએ કે આપણે એ સમજી શકતા નથી કે આપણી ઇન્દ્રિયગમ્ય વાસ્તવિકતા કૃષ્ણની વાસ્તવિકતાનો કેવળ ઝાંખો પડછાયો માત્ર છે. કૃષ્ણનો આશ્લેષ એ કેવળ પુરુષ અને પ્રકૃતિના મિલન વિષેની ઉપમા નથી અને

હું સાચું કહું છું, દિલીપ, ભગવાનની ખાતર તું એ ભૂલતો નહીં કે કૃષ્ણનાં ચરણ મારા—તારા પગ કરતાં વધારે સાચાં છે.

**ગુરુ અને કૃષ્ણ જુદા નથી**

તું લખે છે કે તેં કોઇ કોઇ વાર શ્રી અરવિંદની ટીકા કરી છે. તારે એવું નહોતું કરવું જોઇતું. હું જાણું છું કે તેઓ મનમાં કશું નહીં લાવે. તેઓ તો પદ્મમાં મણિ જોનારા છે, તારી ટીકા સાંભળી હસશે, પણ તારે એવું નહીં કરવું જોઇએ. મનમાં પણ તારે એમની ટીકા નહીં કરવી જોઇએ. પોતાની મરજી પ્રમાણે બધું બનવું જોઇએ એવી ઇચ્છામાંથી આ બધું પેદા થાય છે. તેઓ તારા ગુરુ છે અને પહેલું તો, જેણે તને પ્રકાશ ચીંધ્યો છે તેની ટીકા કરવી એ નરી અકૃતજ્ઞતા છે. અને બીજું, ગુરુ અને કૃષ્ણ જુદા નથી. એમણે તને પ્રકાશ ચીંધ્યો છે. આવી મહાન બક્ષિસ માટે તારું આખું જીવન તું દઇ દે તોયે ઓછું છે. તારી બાકીની જિંદગી વધારે કંઇ પણ 'અનુભવો' વગર જ તારે પૂરી કરવાની હોય તો પણ તું એમને સર્વતઃ સમર્પિત થઇ જવાનો ઇનકાર કરે તો એ મોટી ભૂલ ગણાશે. હું જાણું છું ત્યાં સુધી તેઓ પોતાના શિષ્યો પાસેથી અંધ આજ્ઞાંકિતતા માગતા નથી, (એમના પત્રો પરથી હું આ સમજ્યો છું.) પરંતુ ગુરુની વાત ન સમજાય તો પણ શિષ્યો કદી પણ ગુરુની ટીકા નહીં કરવી જોઇએ. ગુરુની જરૂર જ ક્યાં હોત?

તું કહે છે કે અનુભવો થવા છતાં શંકાઓ કેમ રહેતી હશે એની તને નવાઇ લાગે છે. મને એનું એક કારણ એ લાગે છે કે આપણે આધ્યાત્મિક અનુભૂતિઓના પાયાના કારણને પૂરું પિછાનતા નથી. આપણું સામાન્ય જીવન કાર્યકારણની સાંકળ છે



અને પરિણામો નજરે દેખાયા કરતા હોઇ તેનાં કારણોની હયાતીનો આપણને વિશ્વાસ બેસે છે. આમ ગઇકાલે કે ગયા મહિને એક સુથારને હું મળ્યો, તેની વાસ્તવિકતાનો પુરાવો, આજે તે જે કામ કરીને મારે ત્યાં લઇ આવ્યો છે તેના પરથી મને મળી રહે છે. પરંતુ આધ્યાત્મિક અનુભવોમાં, સાધારણ સાધક આખી કાર્યકારણની સાંકળથી માહિતગાર હોતો નથી, અને તેથી આ અનુભવો એમ ને એમ આવતા લાગે છે, જાણે એની 'પહેલાંયે કશું નથી અને 'પછી'યે કશું નથી!' ખરેખર, એ બીજા જ પરિમાણમાંથી આવે છે અને તેથી આપણને પાછળથી એને વિષે શંકા જાગે છે. કાર્યકારણની સાંકળ ન દેખાય તો ઇન્દ્રિયગમ્ય અનુભવોમાં પણ આવું બને છે. મારા એક મિત્રે એક વખત ગુપ્ત સબમરિનમાંથી છોડવામાં આવેલા ટોરપેડોથી એક વહાણને એકાએક મધદરિયે ડૂબી જતું જોયું. વહાણ ડૂબી ગયું એની કંઇ જ નિશાની ન રહી ત્યારે એના મનમાં શંકા જાગી કે કોઇ વહાણ ખરેખર અહીં હતું ખરું! આ વાત એણે જ મને કરેલી!

**આજના કાળે મકાનો રોજ—રોજ ઉંચા થતાં જાય છે અને તેમાં રહેનારા માણસો રોજ—રોજ નીચા થતાં જાય છે.**

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

'સાચુ છે, પરંતુ કૃષ્ણને—એ કામણગારા કમનીય કૃષ્ણને નજીકના ભવિષ્યમાં મળવાનું શક્ય છે ખરું?'

'એ તો કેવી રીતે કહી શકાય? છતાં પણ મળવાની આશા તો ઓછી જ છે. છેલ્લે છેલ્લે સાંભળવામાં આવ્યું હતું તે પ્રમાણે તો એ કંસના ત્રાસમાંથી મથુરાની પ્રજાને મુક્ત કરીને અવન્તિકામાં મહર્ષિ સાંદીપનીને ત્યાં શિક્ષાપ્રાપ્તિ કરવા ગયેલો ત્યાંથી વિવિધ વિદ્યામાં પારંગત બનીને એ હજુ હમણાં જ મથુરામાં પાછો ફર્યો છે. કહે કે રાજા ઉગ્રસેને મથુરાવાસીઓની મદદથી એનું ને બળરામનું સ્વાગત કર્યુ છે. વસુદેવ, દેવકી તથા રોહિણી તો એને જોઇને ગાંડાં જેવાં જ બની ગયાં છે.

રાધા થોડીવાર સુધી ભાવવિભોર બનીને બેસી રહી ને બોલી :

'તો તો પછી મારી ડાબી આંખ એ બધા મંગળની સાક્ષી પૂરતી હશે. પરંતુ અરે, આ શું થયું? મારું આખું ડાબું અંગ ફરકવા લાગ્યું!'

'તું પણ આંખ અને અંગના આવા ફરકવા ના ફરકવામાં માને છે? એની પાછળના ફળાદેશમાં?'

'એ એક જુદી વાત છે, પણ આ તો જે વાસ્તવિકતા છે તે કહી બતાવું છું.'

'મને તો એ વાસ્તવિકતાને વિચારીને લાગે છે કે કૃષ્ણ પોતે પધારશે અથવા એનો કોઇ સંદેશો.'



રાધાએ કહ્યું :

'મને પણ એવું જ લાગે છે. સંદેશાને સાંભળવાની મને એટલી બધી ઈચ્છા નથી થતી જેટલી એને જોવાની. છતાં પણ એણે આવવું કે નહી ને આવવું તો ક્યારે, એ એની ઈચ્છાની વાત છે. આ હૃદય પણ કેવું છે? છે અત્યંત નાનું ને સાધારણ. આટલા મોટા શરીરમાં એ જલદીથી જણાય પણ નહીં. છતાં પણ કેવા કેવા ભાવો ને કેવાં કેવાં સ્પંદનોથી ભર્યું છે? કેવી ઊર્મિઓ એનો અભિષેક કરે છે અને એને અસર પહોંચાડે છે? એનો પ્રભાવ અદૃષ્ટ રીતે સમસ્ત શરીર પર, ચિત્તતંત્રપર ને જીવન પર પડે છે માટે જેના પ્રત્યે એને પ્રેમ છે એને એ પળેપળે યાદ કર્યા કરે છે. એને માટે સંવેદન અનુભવે છે. એનો પરિત્યાગ કરવાની તૈયારી જ નથી કરતું. એનો પોતાના અલૌકિક આસન પર અભિષેક કરી રાખવામાં જ એની પ્રસન્નતા છે. જેને મળવાની નિશ્ચિત આશા પણ નથી. એને માટે મળવાના ભાવમાં એ ડૂબેલું રહે છે એ કેવું આશ્ચર્ય છે?'

સુપ્રિયાએ જણાવ્યું :

'પ્રેમનો સ્વભાવ જ એવો છે. જ્યાં પ્રેમ હોય છે ત્યાં એવું જ થાય છે. એ સંબંધી મારો અનુભવ તારા કરતાં વધારે નથી, તોપણ જેટલો પણ છે તેને મળતો છે.'

રાધા હળવું સ્મિત કર્યા વિના ના રહી શકી.

એ જ દિવસે ઘેર આવ્યા પછી બંનેએ જાણ્યું કે આખા વૃંદાવનમાં આનંદ અથવા રસની એક નવી લહર પેદા થઈ છે.

સૌનાં મુખ પર આનંદ હતો.

સર્વત્ર ઉત્સવનું વાતાવરણ દૃષ્ટિગોચર થવા લાગ્યું એના

ઉપલક્ષમાં રાધાએ કોઇને પૂછી જોયું તો એણે સ્પષ્ટીકરણ કર્યું :

'તને ખબર નથી?'

'ખબર નથી એટલે તો પૂછું છું.'

'રસ્તા પર આ રથના પૈડાનાં નિશાન દેખાય છે તે રથ થોડા વખત પહેલાં જ મથુરાથી આવી પહોંચ્યો છે.'

'મથુરાથી? તો શું એમાં...?'

ગોપી એના મનોભાવોને સમજી જઇને બોલી ઊઠી :

'એમાં તારો અને અમારો આરાધ્યદેવ કૃષ્ણ નથી આવ્યો એવું કહું?'

'તો શું એમાં કૃષ્ણ આવ્યો છે?' સુપ્રિયા અત્યંત રસપૂર્વક, કતૂહલવૃત્તિથી પ્રેરાઇને, બોલી ઊઠી.

ગોપીએ રાધા તરફ ફરીને સ્મિત કરતાં પ્રશ્ન કર્યો :

'ધાર કે એમાં કૃષ્ણ પોતે જ પધાર્યો હોય તો? તો તને આનંદ થાય ખરો? તારા અંતરને કેવો અનુભવ થાય?'

'વિશાખા, તું કેવા કેવા પ્રશ્નો પૂછી રહી છે? આવા પ્રશ્નો દ્વારા મુખ્ય વાતનું રહસ્યોદ્ઘાટન કરવામાં વિલંબ કરી રહી છે. કૃષ્ણના શુભાગમનના સમાચાર સાંભળીને મને આનંદ થાય એમાં કશું કહેવા જેવું છે ખરું? અરે, સમસ્ત વૃંદાવનને, જીવમાત્રને, આનંદ થાય. કૃષ્ણ સૌનું જીવન છે. જીવનધન છે. બળ છે. એકમાત્ર રસ છે. એમના શુભાગમનથી મારા અંતરને કેવો અનુભવ થાય તેને પરિપૂર્ણપણે કેવી રીતે કહી બતાવું? સૂકી, નીર વિનાની, નદી નીરથી ભરપૂર બની જાય, સુકાયલી શાખા હરીભરી થાય, અથવા પાનખરને ઠેકાણે વસંતનું



સામ્રજ્ય છવાય, તેવી મારા તનની, મનની, અંતરની, અરે સમસ્ત જીવનની દશા હશે. એને એનું પ્રેરક બળ મળશે, એનું ધ્રુવપદ જડશે.'

'અને ધાર કે એ ના આવ્યો હોય તો?'

'તો....? તો શું?'

રાધા આગળ ના બોલી. ના બોલી શકી.

આગળની વાત એનાં આંસુએ જ કહી બતાવી.

સુપ્રિયા અને વિશાખા એ જોઇને સ્તબ્ધ થઇ ગયાં. ભાવવિભોર ને દુઃખી બન્યાં.

'તારે હજુ પણ આવી રીતે આંસુ સારવાનાં શેષ રહે છે, રાધા! અને અમારે પણ સમસ્ત વૃંદાવનને હજુ કૃષ્ણવિરહની વેદના વેઠવાની છે. એટલે તો કૃષ્ણનું શુભાગમન નથી થયું.'

વિશાખા બોલી.

'નથી થયું?' સુપ્રિયાએ પૂછ્યું.

'ના.'

'તો પછી આ રથનાં ચિહ્નો?'

'એ ચિહ્નો કૃષ્ણની સ્મૃતિને તાજી તથા દ્વિગુણિત કરે છે એટલું જ. રથમાં બેસીને બદલે કૃષ્ણનો બાળસખા ઉદ્ધવ આવ્યો છે એનો સંદેવાહક થઇને.'

'ઉદ્ધવ?'

**(ક્રમશઃ)**